
E-magazine
ॐ
THERE IS NO RELIGION HIGHER THAN TRUTH
હરજીવન પ્રકાશ
October - 2023
શ્રી હરજીવન આશ્રમ, કડોલી
ધીથિયોસોફિકલ સોસાયટી
તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા (ગુજરાત)

# સંપાદક મંડળ

## ❖ સંરક્ષક :

**શ્રી કાંતિભાઈ કે. પટેલ**
પ્રમુખ, થિયોસોફિકલ સોસાયટી
હરજીવન આશ્રમ, કડોલી.
- Email: harjivanashram@gmail.com

## ❖ પરામર્શક :

**શ્રી નરેન્દ્રભાઈ બી. પટેલ**

ઉપ પ્રમુખ, થિયોસોફિકલ સોસાયટી

હરજીવન આશ્રમ, કડોલી.

**શ્રી કાંતિભાઈ કે. પટેલ**

ઉપ પ્રમુખ, થિયોસોફિકલ સોસાયટી

હરજીવન આશ્રમ, કડોલી

**શ્રી વિજયભાઈ એલ. પંડ્યા**

ઉપ પ્રમુખ, થિયોસોફિકલ સોસાયટી
હરજીવન આશ્રમ, કડોલી.

## સંપાદક

**શ્રી દીપક આર. પંડ્યા**
થિયોસોફિકલ સોસાયટી હરજીવન આશ્રમ, કડોલી
Mobile: 9427221220 / 9510378094

## સહસંપાદક

**શ્રી નરેન્દ્રભાઇ ડી. પટેલ,**
મંત્રી,
થિયોસોફિકલ સોસાયટી, હરજીવન આશ્રમ, કડોલી

**શ્રીમતી કેલાસબા સી. રાઠોડ,**
થિયોસોફિકલ સોસાયટી, હરજીવન આશ્રમ, કડોલી

## અનુક્રમ


| ક્રમાંક | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| 1. | સંપાદકીય | દીપક પંડ્યા | 03 |
| 2. | અધ્યાક્ષીય | ચંદુભાઈ એચ . પંડ્યા | 05 |
| 3. | વિવિધા | શંકરભાઇ પટેલ અને અન્ય રચનાકાર | 06 |


## સૂચના

- શ્રી હરજીવન આશ્રમ કડોલીની આ માસિક ગૃહ-ઇ-પત્રિકામાં પ્રકાશિત લેખ/આલેખ, કવિતા અને અન્ય સાહિત્ય સંબંધિત લેખકોના પોતાના મૌલિક વિચારો છે જે સંપાદક મંડળને બંધનકર્તા નથી. ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન અંતર્ગતની તમામ લૉજના સભ્યો તેમની મૌલિક જ્ઞાનવર્ધક રચનાઓ, સંકલન વિગેરે પ્રકાશન હેતુ સોફ્ટ કોપીમાં ઈમેલ દ્વારા મોકલી શકે છે.

# સંપાદકીય :

પ્રિય સુજ્ઞ પાઠકો,

નમસ્કાર !

ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન દ્વારા શ્રી હરજીવન આશ્રમ થિ.સો. કડોલીના નિમંત્રણનો સ્વીકાર કરી આવતા નવેમ્બર-2023ની 24 થી 26 સુધી કડોલીમાં 93મું ગુજરાત થિયોસોફિકલ અધિવેધન આયોજિત કરવા માટે સ્વર્ણિમ અવસર આપવામાં આવ્યો છે જેના માટે આપણે સંસ્થા તરફથી આભાર માનીએ છીએ અને આપણી લોજના દરેક મેમ્બરનો મન, વચન અને કર્મથી સહયોગની અપેક્ષા રાખીએ છે.

આપણે સૌ એક પિતાનાં સંતાન છીએ એ થિયોસોફીની મૂળભૂત વિચારધારા કુસુમિત થઇ વિશ્વબંધુત્વ રૂપે પ્રગટ થઇ છે. આધ્યાત્મની ઉંચાઇ પામવાની સાથે આ માનવસેવી સંસ્થા ભિન્ન ભિન્ન રીતે ક્રિયાશીલ છે. મનુષ્યની સામાજિક, શૈક્ષણિક, આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ઉન્નતિની સાથે રાષ્ટ્રીય કર્મબોધના પાઠ ભણાવતી સંસ્થા છે.

થિયોસોફીને તત્ત્વગ્રાહી સ્વરૂપે ગ્રહણ કરી વ્યાવહારિક જીવનમાં ઉદારતાપૂર્વક પ્રચલન કરવા સંસ્થાના કાર્યકરો પ્રવૃત્ત છે. આજે જ્યારે સંદેશવ્યવહારના અદ્યતન સંસાધનો પ્રચુર માત્રામાં ઉપલબ્ધ થઇ ચૂક્યા છે, ત્યારે થિયોસોફિકલ સંસ્થાઓ પણ સંદેશાવ્યવહાર અને સંપ્રેષણ તરફ વિશેષ ધ્યાન આપી રહી છે. કોમ્પુટર દ્વારા ઈ-પત્રિકાઓ, જુમ મિટીંગ્સ, વેબ સાઈટ, પાવર પ્વાઈંટ પ્રેજન્ટેશનની મહત્તા પણ વધી રહી છે. સૂચના અને પ્રૌદ્યોગિક ક્ષેત્રની આ મહાન ક્રાન્તિએ વિપુલ સાહિત્ય ઉપલબ્ધ કરાવ્યું છે.

અમેરિકામાં વસવાટ કરી રહેલી કોઇ વ્યક્તિ દ્વારકાધીશ કે સોમનાથ અથવા કોઈપણ તીર્થ સ્થાનનાં દર્શન - આરતી લાભ સહજ રીતે કરી રહ્યો છે. આ યુગની આ અસાધારણ ઉપલબ્ધિ છે.

ગુજરાત ફેડરેશન અંતર્ગત હરજીવન આશ્રમ, કડોલી તેની માસિક ઈ-પત્રિકા "હરજીવન પ્રકાશ" વૈશ્વિક સ્તરે ઉપલબ્ધ કરાવવાની મંશા સાર્થક રીતે પૂર્ણ કરી રહી છે, જે અભિનંદનીય અને સ્તુત્ય પ્રયાસ છે. આ પત્રિકા પ્રકાશનનું કાર્ય છેલ્લા એક વર્ષથી અવિરતપણે ચાલી રહ્યું છે તેની પાછળ સંસ્થાના દરેક સભ્યશ્રીનો પ્રેરક સહયોગ રહ્યો છે. વિશેષકર, શ્રી ચંદુભાઇ પંડ્યા, શ્રી શંકરભાઇ પટેલ, શ્રી કાંતિભાઈ પટેલ, શ્રી વિજયભાઈ પંડ્યા, શ્રી નરેન્દ્રભાઈ ડી. પટેલ, શ્રીમતી કૈલાસબા રાઠોડ, શ્રી નરેન્દ્રભાઈ બી. પટેલ, શ્રી જયેશભાઇ પંડ્યા, શ્રી કિરીટભાઇ

પંડ્યા, શ્રી રાજદીપ રાઠોડ વિગેરે ખાસ ઉલ્લેખનીય અને પ્રેરણાનું સ્ત્રોત બની રહ્યા છે.

થિયોસોફીના સિધ્ધાંતો કથા સાહિત્ય દ્વારા જન જન સુધી પહોંચાડવાનો હેતુ પત્રિકાના વૈવિધ્યપૂર્ણ સાહિત્યથી લોકભોગ્ય બની રહ્યો છે.

"હરજીવન પત્રિકા" માટે આપના મૌલિક લેખ, કવિતા, આલેખ, ચિંતન કણિકા અમો સહર્ષ આવકારીએ છીએ. આપની રચનાઓ યૂનિકોડમાં ટાઈપ કરી સોફ્ટ કોપીમાં મોકલવાની રહેશે.

સંસ્થાગત હોય કે વ્યક્તિગત, પણ વિકાસની પ્રક્રિયા પરસ્પર સહયોગી બન્યા વિના સંભવ નથી. કબીરજી સારતત્ત્વને ગ્રહણ કરવા કહેતા રહ્યા છે. એમના માટે સુપડાની મહત્તા વધુ છે, કારણ તે પોકળ-ખોખલી વસ્તુઓને દૂર કરી નક્કર વસ્તુને પાસે રાખે છે. તેમના શબ્દોમાં, ' થોથા દેયી ઉડાય ! '.

થિયોસોફીના અભ્યાસુએ સારસવૃત્તિને પોષવાની છે. નકામી વસ્તુઓનો સંગ્રહ દુર્ગંધ ફેલાવી શકે છે. **ખૂબ વાંચન કરવું, મનન કરવું અને દૈનિક જીવનમાં તેના સારતત્ત્વને અવકાશવું શ્રેયકર બની શકે છે.**

વિશ્વબંધુત્વનો આપણો સિધ્ધાંત વાસ્તવિક રીતે ચરિતાર્થ કરવા માટે દરેકની સાથે સમવેદી બની રહેવું એ પૂર્વશર્ત સમાન કહી શકાય. પદ-પ્રતિષ્ઠા અર્જિત કરી માનવીય વ્યવહારનું અવમૂલ્યન કરાય તો આપણે સાચા અર્થમાં થિયોસોફીને પચાવી શક્યા નથી તેમ નિર્વિવાદપણે કહી શકાય.

આપણા સૌમાં 'હરજીવનનો પ્રકાશ' અવતરિત થતો રહ્યો છે, અને તેને "હરજીવન પ્રકાશ" દ્વારા જન..જન સુધી પહોંચાડવાની આપણી મંશા છે. હરજીવન આશ્રમની સુવાસ સર્વત્ર ફેલાય તે દરેક સભ્યની પ્રાથમિકતા હોવી જોઈએ.

આજે " હરજીવન પ્રકાશ" નો ઓગસ્ટ – 2023 અંક લોકાર્પિત થઇ રહ્યો છે ત્યારે તેની સાથે જોડાયેલા તમામ સાધુવાદને પાત્ર છે.

થિયોસોફીનું સ્વરૂપ બહુઆયામી છે, તે કથાસાહિત્યમાં, કવિતાસાહિત્યમાં કે આધ્યાત્મિક ગ્રંથોમાં કવિ-સર્જક અથવા લેખક દ્વારા હૃદયસ્થ થયેલ છે. એક સંશોધકની રીતે આપણે તેનો અભ્યાસ અને આવિષ્કાર કરતા રહેવાનું છે. ગુરુદેવોની દિવ્ય ગતિથી આજ સુધીની તમામ ઘટનાઓમાં થિયોસોફી શોધવાની છે અને ધર્મ, જાતિ કે રંગના ભેદભાવ વિના ઈશ્વર નિર્મિત માનવ અને પ્રકૃતિ પ્રત્યે ઉદ્દાત્ત પ્રેમ દાખવી વિશ્વબંધુત્વ પ્રતિષ્ઠિત કરવા તત્પર બની રહેવાનું છે.

આશા છે કે, આ અંકમાં આવરી લેવાયેલ સાહિત્યમાં આપ સૌને થિયોસોફીનો નાદ અચૂક સંભળાશે.

અભિવાદનસહ આભાર !



# અધ્યક્ષીય,

પ્રિય આત્મીયજનો,

શ્રી હરજીવન આશ્રમ, કડોલીની થિયોસોફિકલ ગતિવિધિઓને બહુઆયામી બનાવવા ઉત્સાહ અને લગન સાથે કાર્ય કરી રહેલા આપ સૌ વંદનીય અને પ્રાતઃસ્મરણીય છો.

93મું ગુજરાત થિયોસોફિકલ અધિવાશન નવેમ્બર -2023ની 24 થી 26 તારીખે પ્રતિબદ્ધતા દાખવી રહેલા સૌ સભ્યજનોના રચનાત્મક સહયોગની કામના કરું છું.

ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન, ભાવનગર અંતર્ગત સેવરત આપણી અન્ય લોજોના સભ્યો સહર્ષ પધારી આપના પ્રયાસને સમર્થન આપશે જ એવો દ્રઢ વિશ્વાસ ધરાવું છું.

આપના બધા જ સભ્યજનોને સોવિનિયર માટે વિજ્ઞાપનો, વિશેષ સંદેશાઓ એકત્રિત કરી સક્રિય સહયોગ આપવા ખાસ વિનંતી કરું છું.

પત્રિકાનો પ્રકાશ વ્યાપક સ્તર પર ફેલાઈ ચૂક્યો છે. સમસ્ત ગુજરાત ઉપરાંત લખનૌ, મુંબઈ, વારણસી, ચૈનઈ, દિલ્હી વિગેરે સ્થાનો પર વસતા આપણા બંધુઓ અને ભગિનીઓનો રચનાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે તે વિશેષ આનંદની વાત છે. બીજું, પત્રિકામાં પ્રકાશન માટે વિવિધ સ્તરીય અને વિવિધ વિષયો પર સાહિત્ય સામગ્રી પણ મળતી રહી છે તે પ્રોત્સાહક વાત છે.

શ્રી હરજીવન આશ્રમ થિ.સો. કડોલી દ્વારા સંકલ્પિત ઈ-પત્રિકા "હરજીવન પ્રકાશ"નો અંક સમયસર નવારંગરૂપ સાથે પ્રકાશિત થાય તે આપણા સૌ માટે અત્યંત હર્ષની વાત છે.

પત્રિકામાં સમાવેશ કરાયેલ સાહિત્ય થિયોસોફીના આંતરિક સ્વરૂપને પ્રગટ કરનાર છે. એક કાળે આપણા મહાપુરુષોએ આપણને વિપુલ સાહિત્ય આપ્યું છે આજે પણ તે આપણું માર્ગદર્શન કરી રહ્યું છે. અહીં 'હરજીવન પ્રકાશ'ના માધ્યમથી પીરસાઈ રહેલ કવિતા કે કથાસૃષ્ટિમાં થિયોસોફીનો વ્યાવહારિક પક્ષ પ્રગટ થઈ રહ્યો છે. તેનો રણકાર સાંભળી શકાય તેમ છે. આ બધી જ રચનાઓમાં સર્જકના ઉરના સુર છે. તેમાં ચરિત્ર-નિર્માણની સંભાવનાઓ રહેલી છે.

આખરે થિયોસોફી શું છે ? કોઈ એક સર્જક, વિચારકના રજૂ થયેલ વિચારને થિયોસોફી કહી શકાય ? તે તો તેની વ્યક્તિગત સોચ છે. તેની મર્યાદાઓ પૂર્વનિર્ધારિત છે. થિયોસોફી તો અનંત આકાશગંગા સમાન છે. અનેક મહાપુરુષોની વાણી, વ્યવહાર અને આચરણને બળે લોકકલ્યાણ માટે

નિષ્પન્ન થયેલો પ્રવાહ અવિરત વહી રહ્યા છે. તે અતિસૂક્ષ્મ અને અનુભૂતિજન્ય છે.

'હરજીવન પત્રિકા'નું સાહિત્ય આપણી સુસુપ્ત થયેલી અનુભૂતિને જગાડનારું છે.

તેમાં આદિકવિ નરસિંહ મહેતાથી આજ સુધીના, કેટલાક નવોદિત સર્જકોનાં સ્પંદનો સમાહિત કરવાની પૂર્ણ સંભાવનાઓ રહેલી છે.

સાહિત્યનું સમકાલીન હોવું તેને સરસ, સુંદર અને લોકભોગ્ય બનાવી શકે છે કારણ તે વર્તમાન સાથે હસ્તધૂનન કરતું રહે છે.

થિયોસોફી આપણી વૈજ્ઞાનિક દ્રષ્ટિ અથવા વિજ્ઞાનધર્મિતાને આવકારે છે. એટલે તે બંધિયાર નથી. દરેકને મહાપુરુષોના વચનો પર મૌલિક રીતે ચિંતન કરવાનો અબાધિત અધિકાર સ્વતઃ સાંપડેલો છે. ચિંતનની પ્રક્રિયા તુલનાત્મક બની રહે તે પણ અપેક્ષિત છે. તેના વિના થિયોસોફીને સમજવી કે વ્યવહારમાં તેનું પ્રવર્તન સંભવ બની શકે નહીં.

મહાન તત્ત્વચિંતનની વાણીની તુલનામાં એક સીધા સાદા ભજનિકના હૃદયથી પ્રગટેલા નાદનું જરા પણ ઓછું મૂલ્ય આંકી શકાય નહીં. તે પણ થિયોસોફીનું સ્વરૂપ જ છે.

હરજીવન આશ્રમની પાયાની વિચારધારામાં દરેક માટે સમાન ભાવ, આદર અને ચેતનવંતુ વિશ્વબંધુત્વ મહાપુરુષોના આશિષથી ધબકતું રહ્યું છે અને રહેશે તેવી શ્રધ્ધા ધરાવું છું.

.

સાધુવાદ !

આપનો,

**કાંતિભાઈ કે. પટેલ**, પ્રમુખ

# વિવિધા

## ચેતનવંતા સ્પંદનો ....

"ચિન્તન ની ક્ષણે "મિત્રો. આજે આપણે "રક્ષાબંધન " ના તહેવાર ની સંપૂર્ણ માહિતી મેળવીએ.શ્રાવણ સુદ પૂર્ણિમા એટલે રક્ષાબંધનનો તહેવાર . આ તહેવાર હિન્દુ ધર્મનો મુખ્ય તહેવાર છે .આખા ભારત દેશમાં ઉત્સાહથી ઉજવવામાં આવે છે .આખા ભારત દેશમાં આ દિવસનું વાતાવરણ અનેરૂજોવામળે છે.રક્ષાબંધન એ ભાઈ બહેનના પવિત્ર પ્રેમનું પ્રતીક છે પ્રાચીન કાળમાં દેવો અને દાનવ વચ્ચે યુધ્દ થયું હતું યુધ્દમાં દેવોનો વિજય થાય એટલા માટે ઈન્દ્રાણીએ પોતાના પતિ ઈન્દ્રને રાખડી બાંધી હતી .મેવાડની રાણી કર્મવતીએ હુમાયુને રાખડી મોકલાવી હતી અને તેને ધર્મનો ભાઈ માન્યો હતો. તેની રક્ષા કરવા માટે હુમાયુએ પોતાનું લશ્કર મોકલ્યું હતું .કુંતા માતાએ કોઠા યુધ્દમાં અભિમન્યુનો વિજય થાય તેવી ભાવનાથી તેને રાખડી બાંધી હતી .બ્રાહ્મણો પોતાના યજમાનોને રાખડી બાંધે છે અને

દક્ષિણા મેળવે છે આમ આ તહેવાર એક સામાજિક તહેવાર પણ છે .આ દિવસે બ્રાહ્મણો જનોઇ બદલે છે. કેટલીક બહેનો જેલમાં જઇને કેદીઓને રાખડી બાંધે છે .સાગર ખેડૂઓ નારિયેળ વધેરી ને દરિયાની પૂજા કરે છે તેથી આ તહેવારને નાળિયેરી પૂનમ પણ કહેવામાં આવે છે આ દિવસે બધી બહેનો પોતાના ભાઈના કાંડા ઉપર રાખડી બાંધે છે ફૂલો. કુમકુમ .દીવો. તથા ચોખા અને મીઠાઈઓથી થાળીને શણગારે છે અને ભાઈના કપાળ ઉપર તિલક કરે છે અને એકબીજાના રક્ષણની જવાબદારી નિભાવવાના વચન લે છે.અને જીવનભર નિભાવે છે. મોટાભાગના નિષ્ણાત શાસ્ત્રી ઓ ૩૧ I૮ I ૨૦૨૩ના દિવસે આ તહેવારની ઉજવણી કરવાનું સૂચન કરેલ છે.તો ચાલો આપણે પણ આ અતિ મૂલ્યવાન મોંઘેરા તહેવારને ઉજવીએ. આભાર.

- **શંકરભાઈ પટેલ**.

# મારી ભાવ યાત્રા :

નમસ્કાર !

માનવ સમાજને ક્ષમા યાચનાની મહત્તા સમજાવતો અને ઉન્નત સંસ્કારથી સંપન્ન કરતો આજનો " સંવત્સરી દિવસ" માત્ર જૈન સમુદાય માટે જ નહીં પરંતુ સમસ્ત માનવ સભ્યતાને ઉજાસતો દિવસ છે. તેના ઉંડાણમાં થિયોસોફીના વિશ્વ બંધુત્વનો નાદ રહેલો છે. જીવ માત્ર માટે એક અદ્‌ભૂત સંવેદના પ્રગટ થાય. અંદરની મોટાઇ - વિશાળતા વગર ક્ષમા માંગી શકાતી નથી. આપણે જ્યારે ક્ષમા યાચના કરીએ છીએ ત્યારે માનવ સભ્યતાનું ગુણગાન કરી રહ્યા છે.

ભગવાન મહાવીર હતા કારણ કે સમસ્ત જીવજગત માટે કરુણાવાન રહ્યા છે. ક્ષમા એ વીરોનું આભૂષણ છે એમ આપણી વૈદિક સંસ્કૃતિ પણ કહે છે.

આજે જૈનો એક બીજાને 'મિચ્છા મિ દુક્કડમ' કહી પરસ્પર ક્ષમાપનાનું આદાન-પ્રદાન કરશે. આ પર્યુંષણનો આખો દિવસ એટલે કે પર્યુષણના સમાપનનો દિવસ. આજે જૈન સંવત્સરી. આજનો પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વનો પવિત્ર દિવસ એ આપણા સૌના માટે પ્રાણભૂત ગણાય. સમગ્ર વર્ષ દરમિયાન ક્યારેય ઉપાશ્રયનું પગથિયું નહીં ચડનારા, તપ, ત્યાગ અને પ્રતિક્રમણાદિ નહીં કરનારા આત્માઓ પણ આજના મંગળમય દિવસે ઉપાશ્રયમાં જઈને મંત્રાક્ષરો તુલ્ય બારસાસૂત્રના પ્રત્યેક અક્ષરને પૂર્ણ શ્રદ્ધાથી સાંભળશે. એ સૂત્ર વાંચન દરમિયાન વચ્ચે આવતા ફોટાઓને હૈયાનાં ઉછાળ સાથે ભાવપૂર્વક વંદન કરશે. દિવાળી આવે ને વેપારી વર્ગ આખા વર્ષનું સરવૈયું માંડે તેમ પ્રત્યેક જૈનોએ સંવત્સરીના મંગળમય દિને એકાંતમાં બેસીને જીવન અને કર્મોનો ચોપડો તપાસીને સરવૈયુ માંડવાનો આ અપૂર્વ દિવસ છે. આજના દિવસે શ્રાવકો વિદાય થઈ રહેલા પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વને ઝૂકી-ઝૂકીને નતમસ્તકે નમસ્કાર કરે છે. મહારાજ જણાવે છે કે નિષ્કારણ ઉપકારોની હેલી વરસાવી રહેલા અનંત તીર્થંકર પરમાત્માઓની કૃપાના પાત્ર બનીએ. બપોરના સમયે વૈરના

અનુબંધને ખતમ કરતી, સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવને પ્રગટાવતી વર્ષ દરમિયાન થઇ ગયેલાં પાપોના અનુબંધને તોડી નાંખતી સંવત્સરી પ્રતક્રિમણની મંગળમય ક્રિયાની આરાધના આબાલવૃધ્ધ અંતરના ઉલ્લાસ સાથે કરશે. સંકળ સંઘ પરસ્પર ક્ષમાપનાનું આદાન-પ્રદાન કરશે. પચાસ લાખની પેઢી જમાવવી સહેલી છે પણ પચાસ માણસોનાં હૃદયમાં સ્થાન જમાવવું મુશ્કેલ છે. તે મુશ્કેલીને દૂર કરવાનું કામ આ ક્ષમાપના કરે છે. માફી આપવી સહેલી છે પણ સામાવાળાની ભૂલને ભૂલી જવી મુશ્કેલ છે. પ્રભુ વીર આગની સામે પાણી થયા હતા. આપણે ફાયરિંગનું કામ કરવાનું નથી, પણ ફાયરબ્રિગેડનું કામ કરવાનું છે. ક્ષમાપના કરવી એ આપણો ભાવ હોવો જોઇએ ખમીય ખમાવિય મયીખમ્મ. સર્વ વ્યક્તિને ખામવું છું, કોઈપણ જીવ હોય તેમાં પણ કોઈ જીવ ભગવાનનો હોય, ગણધર હોય, સિધ્ધ હોય, કોઈ પણ જીવ હોય આપણે તો મનથી, તનથી, વચનથી ક્ષમાપના કરવી એ આપણો ભાવ હોવો જોઈએ. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી ચારે પ્રકારે દરેક જીવને ક્ષમાપના કરવી. દ્રવ્યથી બીજી કોઈ જગ્યાએ તે જીવ ગયો હોય, ક્ષેત્રથી કોઈપણ સ્થાનમાં ગયો હોય, કાળથી હમણાં અહીં અને થોડીકવાર પછી બીજે, ભાવથી એટલે આપણા શુધ્ધ ભાવથી દરેકની ક્ષમાપના કરવી જોઈએ. ક્રોધ સહિત તપ જે કરે તે તો લેખે ન થાય..કડવાં ફળ છે ક્રોધનાં રે..સળ પડી ગયેલાં કપડાંને ઇસ્ત્રી કરો અને સળ દૂર થાય તેમ પોતાના આત્માને સુંદર બનાવવા ક્ષમાપના કરવા વડે શુધ્ધ કરો. એકાદ વ્યક્તિ સાથે પણ પડેલી ગાંઠ વૈરભાવની સળને દૂર કરવી એ આપણું કર્તવ્ય છે. આપણા ક્રોધને ઉપશમ કરો. તે ન થાય તો પ્રશાંત કરો. તે ન બને તો પણ શાંત તો કરો જ. મુનિચંદ્ર સૂરીશ્વરજી (કતારગામ જૈનસંઘ) સામે થાય આગ તો તમે થજો પાણી, એવી છે પ્રભુ મહાવીરની વાણી પયુંષણ પર્વના કેન્દ્રમાં છે ક્ષમાપના. ક્ષમાપનાનું વિધેયાત્મક સ્વરૂપ છે મૈત્રી. જગતના સઘળા જીવો સાથે પયુંષણના અંતિમ દિવસે જગતભરના નાના કે મોટા કોઈપણ જીવ સાથે વૈૈર-વિરોધ થયો હોય તો ક્ષમા માગવાનો અને ક્ષમા આપવાનો અવસર છે. જ્યાં વૈર હોય છે ત્યાં પ્રેમ કે મૈત્રી સંભવિત નથી. આ માટે શાસ્ત્રોમાં કહેવાયું છે કે શેરડીના સાંઠામાં જ્યાં ગાંઠ હોય છે ત્યાં રસ હોતો નથી અને જ્યાં રસ હોય છે ત્યાં ગાંઠ હોતી નથી. પૂર્વગુરુની ગાંઠ નહીં ક્યારેક મડાગાંઠ બની જાય છે અને વર્ષોનાં વર્ષો નહીં, પરંતુ ભવોના ભવો સુધી તે ઉકેલાતી નથી. પરિણામે વૈરની આગમાં ભવભ્રમણ ચાલુ જ રહે છે. 'સામો થાય આગ તો તમે થજો પાણી, એવી છે પ્રભુ મહાવીરની વાણી' જે ક્ષમા માગે છે અને ક્ષમા આપે છે તે સાચો આરાધક છે. વ્યક્તિ વૈમનસ્યનાં વવાયેલાં બીજ જેવો બની જાય છે. ક્રોધની આગ માણસને અંદરથી બાળે છે અને બ્લડપ્રેશર કે તણાવને જન્મ આપે છે, જ્યારે ક્ષમા એ વ્યક્તિને સ્વસ્થ બનાવે છે. - શ્રેણિક વિદાણી (જૈન અગ્રણી અને લેખક) જીવને ત્રાસ ન આપવા હૃદયને કોમળ બનાવવું પડે પરમાત્માની પવિત્રતા ટોચ કક્ષાની હતી. આ પવિત્રતાના પ્રભાવે જ તેઓ જગતના સર્વ જીવોને સુખી કરી રહ્યા છે, સૌના પૂજનીય બન્યા છે. પૂજનીયને પૂજવાથી આપણે પણ પૂજય બની શકીએ છીએ. પ્રભુ મહાવીરદેવના શાસનમાં રહેનારા આપણે

પારસનાથ ભગવાનને વધુ યાદ કરીએ છીએ, કારણ કે તેમના આત્માએ પૂર્વભવમાં દેવ તરીકે ૫૦૦ પ્રભુ કલ્યાણકોની ઉજવણીમાં ભાગ લઇને પૂજનીય પરમાત્માઓને પૂજયા હતા. પ્રભુભક્તિથી વિશિષ્ટ પુણ્ય બંધાય. કોઇ પણ જીવને ત્રાસ ન આપવા હૃદયને કોમળ બનાવવું પડે, સ્વાર્થને છોડવો પડે અને થયેલી ભૂલો બદલ માફી માગવી પડે. તેનાથી હૃદય શુધ્ધ બને. દાન-દયા કરુણા-સદાચાર-વિનય સ્વધર્મ ગણાય. સ્વધર્મોનું સેવન બરોબર સાચવીને જ ક્રિયાત્મક ધર્મ આચરવા. તેનાથી ગુણાત્મક ધર્મ પ્રગટ થાય, જે આપણને ભગવાન બનાવે.

આપણે સૌ જૈન ધર્મના આ વિરલ સંસ્કારથી સંપન્ન બનીએ એવી અભ્યર્થના... સહ..વંદન !અસ્તુ !

***

નમસ્કાર !

આજે ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન, ભાવનગરની કારોબારીની મિટીંગમાં મા. મહામંત્રીજી અને પ્રમુખશ્રી તરફથી નિમંત્રણ - અવસર પ્રાપ્ત થયો.

મહામંત્રીજીએ ખૂબ જ કુનેહ અને સંયંત્રિતપણે મિટીંગનું સંચાલન કર્યું હતું. મા. પ્રમુખશ્રીએ ભદ્ર અને સૌજન્યપૂર્ણ રીતે મિટીંગની કાર્યસૂચીને નિર્ણયાત્મક દિશા તરફ લઈ જવા માટે ખૂબ જ મહત્વની ભૂમિકા અદા કરી હતી. મિટીંગમાં ઉપસ્થિત મા. સદસ્યગણ ઉત્સાહ અને લગન સાથે સહભાગી બની શક્યું તે પ્રશંસનીય કહી શકાય.

મહત્ત્વના નિર્ણયો પૈકી હરજીવન આશ્રમ થિ.સો. કડોલીના અધિવેશન - ૨૦૨૩ માટે સહર્ષ સ્વીકૃતિ મળી તે અત્યંત આનંદની વાત અનુભવી રહ્યો છું.

વિવિધ સ્તર પર ચર્ચા દરમિયાન સંસ્થાગત ક્રિયાકલાપોમાં સામયિકતાને ધ્યાનમાં રાખી પરિવર્તન કરતા રહેવા અને યુવા પેઢીને સમ્મિલિત કરવા બાબત થયેલ વિચારવિમર્શથી કેટલીક પરંપરાવાદી વિચારધારાએ મને એક રૂપક યાદ આવી ગયું જે અહીં પ્રસ્તુત કરી રહ્યો છું.

એક ગામમાં એક અતિપ્રાચીન મંદિર હતું. ગામના લોકો અત્યંત સંવેદનશીલ બની તેને પ્રાચીન ધરોહર માની રહ્યા હતા. પણ તે સાથે મંદિરનો જિર્ણોધ્ધાર કરવા પણ ઉત્સુક હતા.

કાર્યકરોની મિટીંગ મળી, પણ એક પણ વ્યક્તિ જૂના મંદિરને તોડી નવું નિર્માણ કરવા તૈયાર ન હતો. ખૂબ પ્રગાઢ ભાવ મંદિર માટે હતો. અંતે એક વાત પર સહમતિ સધાઈ કે આપણે વર્તમાન મંદિરની જગ્યાએ નવું મંદિર બનાવશું પણ તેના પત્થરો, ઇંટો, દરવાજાઓ, બારીઓ જૂના જ ઉપયોગમાં લેવામાં આવશે. જૂના મંદિરની હુબહુ પ્રતિકૃતિ સમાન જ નવું મંદિર બનાવવામાં આવશે. કેવો અહોભાવ ! પરંપરાવાદી બનીને નવનિર્માણ સંભવ બની શકે ? આ પ્રકારની માનસિકતા બંધિયાર છે. તેમાં દુર્ગંધ ઉત્પન્ન થઈ શકે છે, અને ખરેખર તાજગી, સામયિકતા જરૂરી હોય તો પ્રાચીન રીતિરિવાજ,

પરંપરા છોડવી જ પડે. તે સિવાય નવનિર્માણ થઇ શકે નહીં.

કૃષ્ણજીનો ઉછેર થિયોસોફિકલ સોસાયટીના માહૌલમાં અને મહાપુરુષોની વિશેષ દ્રષ્ટિથી સંપન્ન થયો હતો, પણ એક ઉંચાઇ બાદ તેઓ પરંપરાના સમર્થક રહ્યા નથી તે સત્ય છે. થિયોસોફિકલ સોસાયટીનો દરેક સભ્ય આધ્યાત્મજગતનો અન્વેષક છે. તેની ખોજ પરંપરાગત હોઇ શકે જ નહીં. થોડાક સમય સુધી બૈસાખીના સહારે ચાલીએ તો એક સમયે સ્વતંત્ર રીતે ચાલવામાં પરેશાની ચોક્કસ થાય. આપણે પંગુ પણ થઇ શકીએ છીએ.

ફેડરેશનના પ્રમુખશ્રી અને મહામંત્રીશ્રીની પસંદગી તેમની યોગ્યતા અને કુશળતાના આધારે આપણે જ કરી છે. મને લાગે છે કે રુટિન વહિવટ જેવા કે, સમ્મેલન, અભ્યાસવર્ગ, અધિવેશન કે અન્ય મિટીંગોના આયોજન માટે મહામંત્રીજી અને પ્રમુખશ્રીને સ્વતંત્ર રીતે કાર્ય કરવાની તક આપવી જોઇએ. સંસ્થાગત મહત્ત્વના નિર્ણયો - જેવા કે, મકાન, જમીનની ખરીદ, અથવા અન્ય માળખાગત બાબતોની ચર્ચા કે વિચારણા જ કારોબારીમાં થવી જોઇએ. આમ કરવાથી ત્વરિત નિર્ણયો લઇ શકાશે અને અધિકારોનો ઉપયોગ સાર્થક બની શકે છે. તે ઉપરાંત મહત્ત્વના આર્થિક પાસા પર કારોબારી વિચાર કરી શકે છે. સંસ્થાના વિકાસ માટે નવી નીતિ, નિયમો વિગેરેની ચર્ચા કારોબારીમાં કરી શકાય છે.

એક વાર કડોલી લોજની ઇએસ મિટીંગ માટે મેમ્બર્સની સંખ્યા નિર્ધારિત ન હોવાથી મેં નવા આશાસ્પદ અને યોગ્ય મેમ્બર્સની વરણી લોજની ભલામણને ધ્યાનમાં રાખી કરવા ઉચિત પદાધારીને વિનંતિ કરવામાં આવી હતી. ત્યારે તેમનો ઉત્તર હતો, ઇએસ માટે ઓછામાં ઓછી બે વર્ષની મેમ્બરશીપ હોવી જોઇએ. તેમને આ અંગે વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી આ અંગે યોગ્ય લેવલે પત્રાચાર કરવા વિનંતિ કરવામાં આવી હતી. પણ રુઢિબધ્ધ અને પરંપરાને અનુસરી તેઓ એક પત્ર લખવાનું પણ સાહસ કરી શક્યા નહીં. મને લાગે છે આવી પરિસ્થિતિમાં નીડરતાપૂર્વક અને સત્યનિષ્ઠાથી જે તે પદાધિકારીએ વર્તમાન પરિસ્થિતિનું યથાર્થ વર્ણન કરી પોતાના અંગત અભિપ્રાય સાથે પત્ર લખવો જોઇએ. જો એમ કરવામાં સંકોચ હોય તો યોગ્ય સ્તરે મિટીંગ યોજી મિટીંગમાં પ્રગટ થયેલ સ્વર ઉચિત લેવલે પહોંચાડવો જોઇએ.

આપણા ફેડરેશનમાં  આ સમયે ખૂબ ખંતીલા મહામંત્રીજી અને વિદ્વાન પ્રમુખશ્રી અને અન્ય પદાધિકારીઓની ટીમ સાંપડી છે. હવે આપણી જવાબદારી બને છે કે તેમના પર અટલ વિશ્વાસ ધરાવી તેમને કાર્ય કરવાની મોકળાશ આપવી જ જોઇએ.

થિયોસોફીની પરિપક્વ અવસ્થાની બુનિયાદ પરસ્પર વિશ્વાસ અને નિષ્ઠા પર કેદ્રીત થયેલી અનુભવી રહ્યો છું.

મને મિટીંગમાં સાથે રહેવાની જે તક મળી તેના માટે મા. પ્રમુખશ્રી અને મહામંત્રીજીનો તથા સમસ્ત સમિતિનો કૃતજ્ઞ છું. માસ્ટર્સ કૃપાએ આપણ સૌને મળેલી તક યથાર્થ રીતે નિર્વહન કરી શકીએ તો તે આપણા સૌની સાર્થકતાનો અનુભવ કરાવનારી હશે.

અસ્તુ !

***

નમસ્કાર !

ભાવનગર મને સૌથી વધુ પ્રિય રહ્યું છે. મારા માટે સંસ્કાર ભૂમિ અને વિદ્યાનું ધામ રહ્યું છે. અનેક સંસ્મરણ જોડાયેલાં છે.

ઓછા ખર્ચે અને કિફાયતી રીતે જીવન યાપન કરવાની કલા મને ભાવનગરમાં સીખવા મળેલી.

આપણી આનંદની ક્ષણો વસ્તુનિષ્ઠ નથી પણ તે સમયનો વિદ્યાર્થીકાળ જરૂર વસ્તુનિષ્ઠ રહ્યો છે. મને યાદ છે બંદર રોડ એટલે કે રૂપમ ટોકિઝ - જ્યાં હવે મોલ બની ગયા છે, ત્યાંથી વોરા બજારના નાકા સુધીનું બજાર વિવિધતાઓથી સભર હતું. તે સમયે જીન્સનું કાપડ અને રેડીમેડ ની શરૂઆત થઈ હતી. માત્ર ૧૫ રૂપિયામાં જીન્સનો પેન્ટ પીસ ખરીદી તે જ દિવસે સિલાઇ કરી રાત્રે સુતી વેળાએ પહેરીને સુવાનો આનંદ આજે પણ વિસરી શક્યો નથી. તે વખતે જનજીવન ઘણું જ સાદગીપૂર્ણ લાગતું હતું.

વોરા બજારમાં આગળ જઈએ એટલે હવેલીવાળી શેરી આવે છે, જ્યાં બચુભાઈ કાપડિયાની વર્ષો જૂની દુકાન - આજે પણ છે. વ. બચુભાઈ ખૂબ આત્મિય અને રખાવટવાળા અને માણસની કદર કરવાવાળા હતા. સુખદુઃખમાં પક્ષધર બની રહેવાની અને સંબંધોની માવજત કરતાં રહેવું તેમની ચારિત્રિક વિશેષતાઓ મને માણવા મળેલી.

બીજા એક અનન્ય મિત્ર ચંદુભાઈ - સાઝ વેલ્કેનાઈઝ, ખૂબ જ નીડર, સ્વચ્છ વ્યક્તિ. મને પીએન્ડટીની નોકરી મળી તેમાં તેમનો મહત્વનો સહકાર હતો. તેમને કશુંય અશક્ય લાગતું જ નહીં. મને એપ્લોયમેંટ કાર્ડ મા. ચંદુભાઈની સમય સૂચકતા અને દ્રઢ મનોબળના કારણે જ મળી શકેલ. તે સમયે હું તો હોસ્ટેલમાં જ રહેતો હતો. સ્થાયી બીજું કોઈ સરનામું હતું જ નહીં. જબરદસ્ત ભીડને વિંધીને એપ્લોયમેંટ એફિસર સુધી ચંદુભાઈ હોય તો જ પહોંચી શકાયું તે સત્ય છે. મને કાર્ડ પણ મળ્યું અને નોકરી પણ મળી ગઈ. આજે ચંદુભાઈ નથી પણ તેમનું નીડર અને વિનોદી વ્યક્તિત્વ વિસરી શક્યો નથી. કપડાંને વેલ્કેનાઈઝ કરવાની તેમની કુશળતા અજોડ હતી.

ત્રીજું એક નિરાળું વ્યક્તિત્વ એટલે શ્રીમાન દુર્લભજી એન્ડ સન્સ. મારા ટેઈલર માસ્ટર હતા. જ્યારે મારે કંઈ પણ સીવવાનું હોય બપોરનું મારું ટિફિન પણ તેમના ઘરેથી આવતું. સવારે કપડું ખરીદ થાય તો સાંજ સુધીમાં દુર્લભજીભાઈ સીવી દેતા. કુશળ મિમિક્રી કરનાર અને ગ્રાહકોને સમજાવવામાં નિપૂર્ણ હતા. તેમનો દિકરો વામન હજુ હયાત છે.

આ બધા જીવનની ખરી કમાણી કરનાર અને માણસીલા મિત્રો હતા. મારા કરતાં ઉંમરમાં શ્રી બચુભાઈ, ચંદુભાઇ અને દુર્લભજીભાઈ ઉંમરમાં મોટા હતા પણ કોણ જાણે મારા અભ્યસ્ત બની રહ્યા હતા. હું શેરીમાં આવું એટલે દુર્લભજીભાઈ રણકી ઉઠતા. એક નાટ્ય કલાકાર જેવો બુલંદ અવાજ હતો.

જે દિશામાં જઉં તે દિશામાં ચોક્કસપણે કોઈ ને કોઈના સ્મરણથી આજે પણ હૃદય ધડકી ઉઠે છે.

કેટલાક સંસ્મરણો હવે કાયમના સાથી બની રહ્યાં છે. તે વિસરી શકાય તેમ નથી.

વિદ્યાનગરથી સર ટી. હોસ્પિટલ થઈને બસસ્ટેન્ડ સુધીનો માર્ગ, શામળદાસ કોલેજનું પરિસર આજે પણ રમ્યલોક જેવું અનુભવ કરી રહ્યો છું.

અતીતને વાગોળવું હવે ગમે છે. કેવા પ્રેમાળ લોકો હતા મારી સાથે. કદાચ તેથી જ તે સમયે હું ખૂબ ધનવાન હતો. એ વૈભવ આજે પણ મારી ધરોહર બની રહ્યો છે.

ગોવર્ધનરામની મહાનવલ કથા અને ગુજરાતી સાહિત્યનું અણમોલ ઘરેણું "સરસ્વતીચંદ્ર"નો અંતિમ સંવાદ જેમાં કુમુદ સરસ્વતીચંદ્રને કહે છે, 'મારા કારણે તમે ઘણા પરેશાન થયા છો.' કુમુદનું આ એકરારનામું કદાચ શબ્દશઃ અંકિત કરી શક્યો નથી પરંતુ તેની સાથે સમવેદી અવિરત બની રહ્યો છું.

ભાવનગર ખરેખર મારી ભાવભૂમિ છે. તેની યાદો ચિરકાલીન બની રહેશે. એક એક ઘટના આજે પણ જીવી શકું છું જે મારું સદ્નસીબ માનું છું.

ભાવનગરમાં સ્થિત મારા સર્વે ગુરુજનોનું સ્મરણ મારા માટે સર્વકાલ પુનિત બની તેમનાં વચનોના મર્મનો આટલા વર્ષે પણ ઉઘાડ કરી રહ્યું છે.

આ કથા તો અધ્યાયોમાં લખી શકાય તેમ છે. ફરી ક્યારેક બંદ પૃષ્ઠો ખોલવાનો યત્ન જરૂર કરીશ.

અસ્તુ !

***

નમસ્કાર !

પ્રમાણિકપણે જીવન યાપન કરનાર અને સન્નિષ્ઠ વ્યક્તિને પણ અપ્રમાણિક અને નિષ્ઠા વિનાના લોકોને પ્રમાણિકતાનું પ્રમાણપત્ર આપવાની પરંપરા ખૂબ જૂની અને રુઢ થયેલી જોવા મળે છે.

સરકારી કે ગૈરસરકારી વ્યવહારો આ રીતે ખરડાયેલા જોવા મળે છે. પરિસ્થિતિ જ એવી સર્જાતી રહી છે કે આપણી ઓળખ હવે પેપર પર આ પ્રકારના લોકો બેજીજક આપી રહ્યા છે. આ તો વ્યાવહારિક જગતની વાતો થઈ. આપણે સૌ સારી રીતે આ પ્રકારના માહૌલથી વત્તા ઓછા પ્રમાણમાં સુપરિચિત છીએ. આપણા ભીતરની પરીક્ષા અને પરીક્ષણથી સંતુપ્ત થઈ શકાય તો વ્યાવહારિક જગતના પ્રમાણપત્રોની મહત્તા રહે નહીં.

અમુક અંશે આધ્યાત્મિક જગતમાં પણ આવો મિથ્યાચાર વ્યાપ્ત થયેલો જોવા મળે છે. કોઈ સંસ્થાના ગાદીપતિ આપણને એકવાર અધિપતિ ઘોષિત કરી દે પછી આપણું કામ પુરું થઈ જાય છે.

આપણું આખું વ્યક્તિત્વ પરાધીન બની જાય છે. એક કાળે આપણે મૌલિક રીતે વિચાર કરી શકતા જ નથી. પેલું પ્રમાણપત્ર સર્વસ્વ બની જાય છે. ગમે તેટલી તકેદારી રાખવામાં આવે તો પણ સમાજમાં ફેલાયેલ આ પ્રદૂષણ કરી શકાય તેમ નથી. તેનો માત્ર એક જ ઉપાય દેખાય છે કે આપણે આપણી જરૂરીયાતો, અપેક્ષાઓથી ક્રમશઃ મૂક્ત થતાં જઈએ.

એષણાઓ અમાપ છે. તેનો નશો જલ્દી ઉતરતો નથી. પ્રત્યેક એષણાનો પ્રભાવ આપણા મન પરના નિયંત્રણથી પ્રભાવિત થતી રહે છે. મન જ્યારે બેકાબુ બને ત્યારે આપણી અપેક્ષાઓ ઉત્તરોત્તર વધતી જાય છે. પેલા ઉકરડા જેવી દશા થઈ શકે છે. એક સમયે આપણે એની દુર્ગંધથી એટલા ટેવાઈ જઈએ છીએ કે આપણને દુર્ગંધનો બોધ પણ થતો નથી.

સદાચારથી ક્યારેય દુષ્પરિણામ આવી શકે નહીં અને જો આવે તો ચોક્કસ રીતે આપણા આચરણમાં દોષ રહેલો છે એમ કહી શકાય.

થિયોસોફીના દ્વારે જ્યારે આપણે પ્રવેશ મેળવી સભ્ય બનીએ છીએ ત્યારે આપણે એક નવીન જીવન શૈલી, આચારસંહિતાને સ્વીકાર કરી રહ્યા છીએ. સદાચરણ, પ્રમાણિકતા એ પાયાની જરૂરીયાત બની રહે છે. આપણી સત્ત્વશીલ સક્રિયતા વિના થિયોસોફી સાથે ઘરોબો થઈ શકે નહીં.

આપણી યાત્રા અસીમને પામવાની યાત્રા છે, અને તેથી બંધન રહિત, પૂર્વગ્રહ વિનાનું જીવન જીવવા સદૈવ તૈયાર અને તત્પર બની રહી તો જ થિયોસોફીનું અવગાહન સંભવ બની શકે.

અસ્તુ !

***

નમસ્કાર ... વંદન !

તમારા બધાંના સ્નેહથી ભીંજાયેલા શબ્દો આગળ નત મસ્તક છું.

કોઈનો પ્રેમ પામી શકીએ એ જીવનની વિરલ ઘટના માનું છું. કોઈના પ્રત્યે અવિરત નિસ્વાર્થ ભાવે પ્રેમ વહાવવો એ જીવનની ઉત્કૃષ્ટ સાધના બની શકે છે. નિઃશબ્દ પ્રેમ અવસ્થા અતિ પીડાકારી હોય છે, સમયાન્તરણે એ પીડા વહન કરીને જીવવું માણસની દ્રષ્ટિને નિખારે છે. તે અતીતનો આજીવન વસવાટ કરતો હોય છે. ઉત્તમ ચારિત્ર્યનું ઘડતર આ અવસ્થાએ થતું હોય છે. અન્યને માટે કંઈક કરી છૂટવાની કલા સિદ્ધહસ્ત થતી ભાસે છે.

જોકે બહિર દ્રષ્ટિએ ગહન આધ્યાત્મિક વિરાસત ધરાવતો થિયોસોફીનો માર્ગ છલોછલ નિર્વ્યાજ, અપેક્ષારહિત પ્રેમની ભીનાશ સંગ્રહીને બેઠો છે. તેનો એક પણ સિદ્ધાંત પ્રેમ વિના આત્મસાધ થઈ શકે તેમ નથી. જો વિશ્વબંધુત્વ પાયાનો સિદ્ધાંત છે તો તે પ્રેમ વિનાની શુષ્કભૂમિ પર પુષ્પિત - પલ્લવિત થઈ શકે ખરો ? તેવી જ રીતે સર્વધર્મ સમભાવ સિદ્ધ કરવા માટે પણ સમાન રીતે દરેક ધર્મને ચાહવો પડે. આ ચાહત પ્રેમ વિના જાગી શકે ખરી.

એક વ્યક્તિ બીજી વ્યક્તિને ચાહે, પ્રેમ સંબંધ અંકુરિત થાય,- સ્થૂળ સંબંધોની વાત નથી, તો

નિશ્ચિતપણે પ્રભૂતા જાગે અને જનાર્દનને ચાહવાની ભૂમિકા રચાય.

નિઃશબ્દ અવસ્થા પ્રેમની પરાકાષ્ઠા છે. કંઈ પણ કહેવાનું જોખમ ખેડવાની અહીં હિંમત રહેતી નથી, તેમ છતાં ચાહતધર્મીને એ અકથ્ય અવસ્થા વહાલી બની રહે છે. નિત તે દુનિયામાં માનવી વિહાર કરતો જોવા મળી શકે છે.

પ્રેમ અભૌતિક અને હૃદયસ્થ થયેલી ઘટનાનું સુંદર પરિણામ કહી શકાય જ્યાં ઉભય પક્ષે પરસ્પર કલ્યાણની ઉદ્દાત્ત ભાવના પ્રબળ બનેલી હોય છે.

જો ઉપરોક્ત કરતાં વિપરીત અવસ્થા દેખાય તો નિશ્ચિતપણે તે પ્રેમ નથી. કંઈક બીજું હોઈ શકે છે.

ઈશ્વરના દરબારમાં આવ્યા પછી પેલો માલિકીભાવ વિસરાવો જોઈએ કારણ અહીં જ અસલી માલિકની ઓળખ સંભવ બની શકે છે. માટે થિયોસોફી પ્રેમનો મહિમાગાન કરે છે. આપણે તેનો અંતર્નાદ સાંભળી શકીએ એટલી ક્ષમતા કેળવવી પડે.

તમે પ્રેમ કરો અને તેના પ્રતિભાવ રૂપે તિરસ્કાર, ધૃણા મળે એવું બની શકે જ નહીં.

માત્ર ૧૭-૧૮ શ્લોકના ઉપનિષદની રચના કરી ઋષિએ આપણી સમક્ષ ઈશ્વરના નિવાસની પરિભાષા કરી, તેને જ માલિક તરીકે પ્રતિષ્ઠિત કર્યા છે. 'ઈશાવાસ્યમ્ ઈદં સર્વમ્ ... ' કેમ વિસરી શકાય !

પ્રેમ સગાઈ સર્વોચ્ચ બતાવી આપણા સંતો આ અઢી અક્ષરના શબ્દની સાધના જીવન પર્યન્ત કરતા રહેવા ઉપદેશી રહ્યા છે.

અસ્તુ !

***

નમસ્કાર !

જ્યારે વિચારધારાનું ગેગરીન થાય એટલે સંસ્થાગત મૂલ્યોનું પતન થતું હોય છે. અનેક વર્ષો સંસ્થામાં પસાર કર્યા પછી પણ આ રોગ લાઈલાજ બને ત્યારે કાંતો એ વિચારધારા છોડવી પડે અથવા તો સંસ્થાના હિતને ધ્યાનમાં રાખી સ્વૈચ્છિક રીતે ઉદારતા દાખવી સંસ્થાને ત્યાગવી પડે. બંને અવસ્થા સાથે રહી શકે જ નહીં.

મેમ્બર થવું જ પર્યાપ્ત બનતું નથી. નીડરતાથી અસત્ય, મિથ્યા કે અભદ્ર આચરણનો સામનો કરવાનું સામર્થ રાખવું પડે.

જ્યાં પણ આ પ્રકારની નિષ્ઠા સભ્યોની તાદાદ છે તે સંસ્થા ખરેખર મૂલ્યવાન અને અનુકરણીય બની રહે છે. તેમાં અંધશ્રદ્ધા, દંભ, જડતા કે દુરાગ્રહને સ્થાન હોઈ શકે નહીં. આ પ્રકારની આધ્યાત્મિક સંસ્થાનો સભ્ય બનનાર આધ્યાત્મિક કે આત્મવિકાસ અપેક્ષા સાથે જોડાય છે. તેના વિપુલ સાહિત્યનો અભ્યાસ કરી સ્વૈચ્છાએ આગળ વધવાનું પસંદ કરતો રહે છે.

કેટલાક સભ્યો વર્ષોથી આ સાધના કરી રહ્યા હશે. તેઓ ક્યાં પહોંચી શક્યા તેતો જાણી શકાયું નથી,

પણ તેમની સિનિયોરીટી મિથ્યા દંભનું કારણ બની બનતી રહેતી હોય છે. તેઓ પદ-પ્રતિષ્ઠાથી પ્રલોભિત અવસ્થા ભોગવી રહ્યા હોય તેવું લાગે છે. આ કારણ મુખ્ય હેતુથી ચલાયમાન થઇ શકાય છે.

ઈશ્વરકૃપાથી સર્વેનો સાધનાકાળ સમૃધ્ધ બની રહે તેવી કામના સાથે મહાપુરુષોને પ્રાર્થના કરી શકીએ.

ખોરાકના યથેચ્છ પાચન કરવા માટે ઉચિત ઉપાય કરવો પડે અન્યથા અજીર્ણ થઇ શકે છે.

અસ્તુ !

***

નમસ્કાર !

બે દિવસની અપ્રિયલોકની યાત્રા બાદ આજે કંઇક લખવા ઉત્સુક થયો છું. કેટલીક નકામી અને નિરાશાથી ભરી દેનારી વાતો માણસની સર્જનાને આહત કરતી રહેતી હોય છે. આવું કેમ થતું હોય છે ? માણસ માણસની વચ્ચે અપેક્ષાઓનો સેતું અજ્ઞાત રીતે રચાતો રહે છે. જ્યારે તે અપેક્ષાએ બન્નેમાંથી એક પણ ખરો ઉતરે નહીં, અથવા અસત્ય કે મિથ્યા આશ્વાસન આપતો રહે તો અન્યની ભાવનાઓને ઠેસ પહોંચતી હોય છે.

કદાચ અન્ય પક્ષે પણ કોઈપણ પ્રકારની વિવશતા રહી હોગી એમ માની શકાય, પણ એ વ્યવહાર જ્યારે આદત બની જાય ત્યારે તે અસહ્ય બની રહે છે.

મેં એકવાર પહેલાં પણ ઉલ્લેખ કરેલ છે. સ્વભાવતઃ બે પ્રકારના માણસો જોવા મળે છે. એક તો એવા માણસ કે જે પોતે જે કંઇ આચરણ કરે છે તેને જ તે સત્ય માની બેસતો હોય છે. આ પ્રકારના વ્યક્તિઓ અતિશય અહંકાર અને સત્તા, વૈભવના મદથી ચોવિસે કલાક નશામાં જીવતો હોય છે. તેના આ પ્રકારના અભદ્રિક વ્યવહારથી બીજાના ભાવજગત પર કેવી વિપરીત અસરો થતી હોય છે તેનો તેને અણસાર પણ હોતો નથી. ખરેખર તો આવા મતલબી વ્યક્તિના વ્યવહાર પર વિશેષ ધ્યાન આપવું જોઈએ નહીં, પરસ્પર પ્રેમને કારણે અનર્થ સર્જાતો હોય છે. આ પ્રકારના લોકો એક ધૂમાનમાં રચ્યાપચ્યા રહીને અન્યની પરવાહ કરવાનું ચૂકી જતા હોય છે અને ધીરે ધીરે પોતે જ પોતાના વ્યવહારથી અવનતિ નોંતરતા હોય છે. એક વાત ચોક્કસપણે કહી શકાય કે જેમ જેમ સંબંધોનું જગત વિસ્તરે છે તેમ તેમ તેની જાળવણી - માવજતની જવાબદારી પણ વધતી હોય છે. જો તેની સરિયામ ઉપેક્ષા વારંવાર થતી રહે તો તેના બધા જ સંબંધો પર જોખમ ઉભું થઇ શકે છે. વાડકી વ્યવહારના સંબંધો જલ્દી સંતુલન ખોઇ બેસે છે.

બીજા પ્રકારના માણસો વિચારશીલ અને બુધ્દ્રિજીવી છે. તેમનો વ્યવહાર સંપૂર્ણ વિચાર કર્યા પછી તેમને લાધેલા સત્ય પ્રમાણે જ હોય છે. આ પ્રકારના લોકોના પગ જમીન પર હોય છે. જલ્દી વિચલિત પણ થતાં નથી. તેઓ સત્ય અસત્ય આચરણની પરખ કરી શકે છે. આ લોકોની વિશ્વસનીયતા સર્વકાલ એક સમાન બની રહેતી હોય છે. તે ખોટાં વચનો આપી લોકમાનસને ક્યારેય ભ્રમિત કરતાં નથી.

પહેલાં પ્રકારના લોકો વચનો આપવામાં શુરવીર બની રહે છે, તેનું પાલન કરવાની પરવાહ કરતા નથી. ક્ષણિક પ્રસિધ્દ્રિથી અંજાયેલ રહે છે.

એક કુદરતી ન્યાયને સમજીએ તો એ સત્ય છે કે આપણે જે કંઇ વાવી રહ્યા છે, તે જ મેળવી શકીએ છીએ. બબુલના ઝાડ પર કેરી મળી શકે નહીં.

એક મહાન ફિલોસોફરે બહું જ પ્રેરક વાત કરી છે. તેઓ કહે છે, અમરત્વ ની ચાહના કરી રહ્યા છો ? તો પોતાની જાતને મીટાવવા તૈયાર રહો. અમર તે જ બની શકે છે જેનો વિલય થાય છે. આપણે તો દરેક સ્થાને આપણી હયાતીનો બોધ કરાવવા મથામણ કરી રહ્યા છીએ.

થિયોસોફી આવા મિથ્યાચારથી બચતાં રહી, નીતિમત્તાયુક્ત જીવનની અપેક્ષા રાખે છે. સાધક જીવનની પૂર્વશર્ત પ્રલોભન રહિતતામાં સમાયેલી છે. આવી વિશુધ્દ્ર અવસ્થા જ ભટકાવથી બચાવી શકે છે.

મેં એવા પણ સજ્જનો જોયા છે જેમના કથન પ્રમાણે 'કાલ' ક્યારેય આવતી જ નથી. વારંવાર ખોટા સાબિત થવા છતાં જરાપણ રંજ અનુભવ કરતા નથી.

વ્યવહારથી અર્જિત થયેલો 'આદર' દીર્ઘકાલ સુધી બની રહે છે, તે વ્યક્તિ, વ્યક્તિસમુદાય કે પક્ષ-પાર્ટીનો મોહતાજ હોતો નથી. તે તેના સદ્‌કર્મોનું સુફળ છે.

અસ્તુ !

- **દીપક પંડ્યા**

**ज़िन्दगी ...**

**मुझे देखकर हँसती है..**

**मैं ...**

**ज़िन्दगी को हँसकर देखता हूँ ...**

**और क्या ...**
**ख़ुश हैं हम दोनों ही ...**

**પૈસો માણસને ખરીદી ગયો...**
**અને માણસ એ ભ્રમમાં રહી ગયો...**
**કે પૈસાથી બધુ ખરીદી શકાય...**

- **દિવ્યેશ ઠાકર**

-

## સાદ કરે છે, દિલ હરે છે.

સાદ કરે છે, દિલ હરે છે રે
મને એ સાદ કરે છે રે

ગામને પાદર રોજ બપોરે
ઝાડવા કેરી ડાળ,
સાદ કરે છે સાંજને ટાણે
દૂરનું ડુંગરમાળ..... મને એ...

ભણવા ટાણે સાદ કરે છે
નાનકડું એક તળાવ,
કામની વેળા રોજ બોલાવે,
એક એવો છે ઢાળ. મને એ....

નદીઓ કેરી ભેખડો પેલી
ખેતરો કેરી હાર,
સાદ કરે છે જંગલ-કેડી,
કેમ કરું હું વાર ? મને એ....

આભ અડે જ્યાં દૂર જમીને
કોણ છુપાયું ત્યાં ?
રોજ ઈશારે એય બોલાવે :
આવ, અલ્યા ! અહિયાં !

✍ પ્રહલાદ પારેખ.

## ઘેલી ડોશીનું માંકડું – યાદગાર ગુજરાતી કવિતા.

ઘેલી ડોશીએ એક પાળ્યું'તું માંકડું,
નાના શા કાન, લાંબી પૂંછડી જી રે !

ડોશી એ નામ એનું પાડ્યુ તું રામલો,
ખાવા દેતી ખીર રાબડી જી રે !

એક દિન રામલો પોઢયો પથારીએ,
તડકા ચડ્યા ન, તોય ઉઠ્યો જી રે !

ખવડાવા ખીર ડોશી આવીને ઓરડે,
જુવે તો રામલો માંદો જી રે !

ઓ રે ઓ વૈદરાજ ! ફી નો લો રુપીયો ,
માંદો પડયો છે મારો રામલો જી રે !

ડોશી લઇ જાય ઘેર દવા નો બાટલો ,
જોવે તો ખાટલો ઠાલો જી રે !

ઓરે ઓ રામલા કરતી પોકારતી ,
ડોશી દોડી એને ગોતવા જી રે !

થાકી વળીને ઘેર જુવે તો રામલો ,
બેઠો પિપૂડી વગાડવા જી રે !

લાવીને લાકડી જુએ તો રામલો,
ખીર લઇ ચાટવા બેઠો જી રે !

થાકી તુટીને ડોશી પડી પથારીએ,
નિરાતે શ્વાસ ઘડી લેવા જી રે !

જાગીને જુએ તો ઊભો છે રામલો,
દવાનો બાટલો પાવા જી રે !

✍ રમણલાલ સોની

# છોગાળા હવે તો છોડો – બાળવાર્તા

છોગાળા હવે તો છોડો

વાડની ઓથે એક બખોલ.

એમાં રહે સસલાભાઈ ને સસલીબાઈ.

એમને બચ્ચા બે. નાનાં ને રૂપાળા. ધોળા તો જાણે રૂ ના પોલ !

દિ ઊગેને સસલો – સસલી નીકળી પડે ચારો ચરવા. બચ્ચાને રાખે બખોલમાં નીકળતી વખતે બચ્ચાને કહે, " આઘાપાછા થશો નહીં, બખોલ બહાર નીકળશો નહીં.

પણ બચ્ચા તે બચ્ચા. એકલા પડ્યા નથી કે બહાર નીકળ્યા નથી, નાચે, કુદે ને ગેલ કરે. અમરકથાઓ

એક વાર બચ્ચા રસ્તા વચ્ચે રમે.

ત્યાંથી નીકળ્યા હાથીભાઈ. હાથીભાઈ શાણા. થોડીવાર બાજુ પર ઊભા રહી ગયા, તોય બચ્ચા ખસે નહી.

હાથી કહે, "અલ્યા છોકરાં, તમારી માં ક્યાં છે ? "

બચ્ચા કહે, " કેમ, શું કામ છે ? "

હાથી કહે, " હોય તો બે બોલ કહેતો જાઉં. "

બચ્ચા કાઈ બોલ્યા નહી. હાથીભાઈ તો ચાલતા થયા.

એક દીવસ,
બે દીવસ,
ત્રણ દીવસ, ....
બચ્ચા તો રોજ રસ્તા વચ્ચે રમે.

હાથીભાઈએ ફરી પૂછ્યું, "અલ્યા છોકરાં, તમારી માં ક્યાં છે ? " હોય તો બે બોલ કહેતો જાઉં."

બચ્ચા કાઈ બોલ્યા નહી. હાથીભાઈ તો ચાલતા થયા.

આવું ઘણા દિ ચાલ્યું. એક દહાડે બચ્ચાંએ હાથીવાળી વાત માં ને કરી.

સસલીબાઈ તો ખીજાયા, " એ મગતરા જેવડો હાથીડો સમજે છે શું ? કહેવા દો તમારા બાપને. જુઓ પછી એની શી વલે કરે છે ! "

એટલામાં આવ્યા સસલાભાઈ ને સસલીબાઈ કહે, "છેલછોગાળા રાણાજી ! "

સસલાભાઈ કહે " શું કહો છો છેલછબીલા રાણીજી ?

સસલીબાઈએ માંડીને વાત કરી.

સસલાભાઈનો ગયો મિજાજ. " સમજે છે શું એ હાથીડો ? આવવા દે એ મગતરા ને એની વાત છે.

સસલાભાઈતો આખી રાત ઊંઘ્યા નહી . પથારીમાં પડખા ઘસ્યાં કરે. સવાર પડી.

સસલાભાઈ ઉઠ્યા. હાથીભાઈને વશ કરવાની વાત મનમાં બરાબર બેસી ગઈ. વાડમાંથી એક લાંબો, જાડો વેલો ગોતી કાઢ્યો એનો બનાવ્યો ગાળીયો.

ગાળીયાનો એક છેડો વાડના થોર સાથે
બાંધ્યો. ગાળીયો નાંખ્યો રસ્તા વચ્ચે, ને
બેઠા એ તો હાથીની આવવાની રાહ જોતા.

' હમણાં આવશે, હમણાં આવશે ને આ
ગાળીયામાં એનો પગ ફસાશે.
પછી એને એવો ઠમઠોરું કે ખો ભૂલી જાય.
પણ વળી સસલાભાઇ સફાળા ઉઠ્યા.

થોરે બાંધેલો ગાળીયાનો છેડો છોડયો ને
બાંધ્યો એને બાવળના થડે.
થોર ઉખડી પડે તો !

વળી એને થયું કે હાથી આગળ
બાવળીયાની શી વિસાત !
આથી પાછો થડેથી ગાળીયો છોડવા
લાગ્યો.

સસલીબાઈ ક્યારના બખોલની બહાર
આવીને સસલા ભાઇ શું કરે છે તે જોતા
હતા.

"કેમ, વળી પાછું શું થયું ? "—

"અરે, આ બાવળિયાનો ભરોસો શો ? —-
સસલાભાઇ એ મૂછે તાવ દેતા કહ્યું , "આ
છેડો હું મારા પગ સાથે જ બાંધીશ ——

સસલાભાઇએ ખોંખારો ખાધો. પોતાનો
ડાબો પગ પાંચ વાર જમીન પર પછાડ્યો.
' થોર, બાવળનો ભરોસો નહિ ખરે ટાણે
દગો દે.
પારકું એ પારકું — એમને તો ગાળિયાંનો
છેડો ડાબા પગે મજબુત બાંધ્યો. ખોખારો
ખાધો ને મૂછ પર તાવ દીધો .

સસલીબાઈ કહે, " વાહ ! મારા છેલ
છોગાળા રાણાજી !"

સસલાભાઈ તો છાતી કાઢીને બેઠા.
એવામાં હાથી આવતો દેખાયો. ધમ ધમ
ચાલે છે. ધરતી કંપાવે છે. અમરકથાઓ

સસલાભાઈએ હિંમત ભેગી કરવા માંડી. "
આવી જા, મગતરા, જોઇલે આ છેલ
છોગાળા રાણાજીનો વટ ! "

હાથીભાઇ તો મસ્તીમાં ને મસ્તીમાં ચાલતા
હતા. એમના પાછલા પગમાં ગાળીયો
ભરાયો. હાથીભાઇને તો એની ખબરેય ન
પડી. એ તો ચાલે છે ધમ ધમ.

હવે તો સસલાભાઈ તણાયા. એ તો જાય
તણાયા...... જાય તણાયા......એમના
હોશકોશ ઊડી ગયા.

સસલીબાઈ તો બચ્ચાં લઈને દોડતા ત્યાં
પહોચી ગયા. સસલાભાઈ હાથીને છોડતા
નથી એ જોઇને એમને હાથીભાઈની દયા
આવી. બિચારો હાથી ! સસલીબાઈ નરવે-
ગરવે સાદે બોલ્યાં,
" છોગાળા, હવે તો છોડો ! "

ત્યારે હતું એટલું જોર ભેગું કર્યું ને
સસલાભાઈ બોલ્યાં, " છોગાળા તો છોડે છે
પણ આ સુંઢાળા ક્યાં છોડે છે ? "

✍ દલપત પઢીયાર

તૂ ક્યાં જાય છે...???
""""""""""""""""""""""""""""""""""""""""""""

દિલ પૂછે છે મારું ,
અરે દોસ્ત તું ક્યાં જાય છે ?

જરાક તો નજર નાખ

સામે સ્મશાન દેખાય છે.

ના વ્યવહાર સચવાય છે,
ના તહેવાર સચવાય છે.

દિવાળી હોય કે હોળી બધુ
ઓફિસ માં જ ઉજવાય છે

આ બધુ તો ઠીક હતું
પણ હદ તો ત્યાં થાય છે.

લગ્નની મળે કંકોત્રી ત્યાં
સીમંતમાં માંડ જવાય છે .

દિલ પૂછે છે મારુ ,
અરે દોસ્ત તું ક્યાં જાય છે **?**

પાંચ આંકડા ના પગાર છે ,
પણ પોતાના માટે પાંચ
મિનિટ પણ ક્યાં વપરાય છે ?

પત્નીનો ફોન ૨ મિનીટ
માં કાપીયે પણ કસ્ટમર
નો કોલ ક્યાં કપાય છે ?

ફોનબુક ભરી છે મિત્રોથી પણ કોઈનાયં ઘરે
ક્યાં જવાય છે ?

હવે તો ઘરના પ્રસંગો પણ
હાફ – ડેમાં ઉજવાય છે.

દિલ પૂછે છે મારુ ,
અરે દોસ્ત તું ક્યાં જાય છે ?

કોઈ ને ખબર નથી
આ રસ્તો ક્યાં જાય છે ?

થાકેલા છે બધા છતા ,
લોકો ચાલતા જ જાય છે.

કોઈક ને સામે રૂપિયા તો
કોઈક ને ડોલર દેખાય છે,

તમેજ કહો મિત્રો શું
આનેજ જિંદગી કહેવાય છે ?

દિલ પૂછે છે મારુ ,
અરે દોસ્ત તું ક્યાં જાય છે ?

બદલાતા આ પ્રવાહમા
આપણા સંસ્કાર ધોવાય છે ,

આવનારી પેઢી પૂછશે
સંસ્કૃતી કોને કહેવાય છે ?

એક વાર તો દિલને સાંભળો ,
બાકી મનતો કાયમ મુંજાય છે.

ચાલો જલ્દી નિર્ણય લઇએ
મને હજુ સમય બાકી દેખાય છે.

દિલ પૂછે છે મારુ ,
અરે દોસ્ત તું ક્યાં જાય છે ?

- અજ્ઞાત

# ‘ માણસ ’ વિશે

# કેટલાક ચુંટેલા શેર

આ નર્યા હાડ ચામનો માણસ,
એટલે દોડધામનો માણસ.
સાંભળ્યું'તું, છે કામનો માણસ,

નીકળ્યો કિન્તુ નામનો માણ સ.
— અમૃત ' ઘાયલ '

જુઓ ત્યાં છે અવસરની શોભાના માણસ,
કશા ખપ વિનાના તમાશાના માણસ.
ઉઝરડા છે કર્કશ અવાજોના કાને,
ગયા ક્યાં એ મીઠા ટહુકાના માણસ ?
— રાઝ નવસારવી

રમતાં રમતાં લડી પડે, ભૈ માણસ છે
હસતાં હસતાં રડી પડે, ભૈ માણસ છે
પૂજાવા ઝટ થયા પાળિયા, માણસ છે
ટાણે ખોટ્યું પડી, પડે, ભૈ માણસ છે
— જયંત પાઠક

અમે આંધી વચ્ચે તણખલાંના માણસ
પીળા શ્વાસની તુચ્છ ઘટનાના માણસ
ફટાણાંના માણસ, મરશિયાંના માણસ
અમે વારસાગત સમસ્યાના માણસ.
— ભગવતીકુમાર શર્મા

વાત વાત માં જોયો સબંધોને વેતરતો
માણસ
શ્રધ્ધા ને વિશ્વાસમાં જોયો છેતરતો માણસ
મેઘધનુષ તો માત્ર ચોમાસે જ જોવા મળે.
અહીં તો જોયો બારેમાસ રંગ બદલતો
માણસ.
ભીખુ દરજી " કેતન "

ઈજાગ્રસ્ત, સણકા, સબાકાનો માણસ
તૂટી જાય સીવેલ ટાંકાનો માણસ.
ઉખેળો તો: કાયમ ઉખેળાયા કરતો,
ન પૂરો થતો કેમે' તાકાનો માણસ.
— મનોજ ખંડેરિયા

બહારથી લાગશે સુઘડ માણસ,
સાવ ભીતર ભર્યો હવડ માણસ.
ટાઢ તડકે જ જ્યાં ઉછેરવાનું,
કેમ ના હોય એ બરડ માણસ !
— રાજેશ વ્યાસ' મિસ્કીન '

## ઇલોરા કૈલાસમંદિરનો ઇતિહાસ :



આ મંદિર સાડા બારસો વર્ષ કરતા વધુ સમય  પહેલાંનુ છે...! ઇલોરાની ગુફાઓનું નિર્માણ રાષ્ટ્રકુટોએ કરેલું હોવાનું કહેવાય છે.કૈલાસમંદિરને રાષ્ટ્રકુટ રાજા કૃષ્ણ પ્રથમે બનાવ્યું હોવાનું કહેવાય છે અથવા તો કૃષ્ણ

પ્રથમે ઇ.સ.૭૫૩ થી ૭૬૦ના સમયગાળા દરમિયાન તેને બંધાવવાની શરૂઆત કરી એમ કહેવું વધારે યોગ્ય છે.કેમ કે,આ મંદિરને બનાવતા ૧૫૦ વર્ષ લાગ્યા હતાં...! અને આ માટે ૭,૦૦૦ મજુરોએ લગાતાર કામ કર્યું હતું!

કૈલાસમંદિર બાબતની સૌથી વિશિષ્ટ વાત એ છે કે,આખું મંદિર એક જ પથ્થરમાંથી નિર્મિત થયું છે!કહેવાય છે કે,આ માટે એક પહાડમાંથી વિશાળકાય ખંડ અલગ કરવામાં આવ્યો હતો...! આ મંદિર બનાવવા માટે રાષ્ટ્રકુટોએ વિરુપાક્ષ મંદિરમાંથી પ્રેરણા લીધી હોવાનું પણ કહેવાય છે.ગુપ્તયુગ પછી આવું ભવ્ય બાંધકામ થયું હોવાના દાખલા અત્યંત અલ્પ છે.

ગુપ્તયુગના પતન પછીના સમયમાં રાષ્ટ્રકુટોએ દક્ષિણ ભારતમાં પોતાની સત્તા સ્થાપી હતી.રાષ્ટ્રકુટ વંશનો સ્થાપક દંતિદુર્ગ હતો. તેઓની રાજધાની માન્યખેટ [નાસિક] માં હતી.

કૈલાસમંદિર એ દુનિયાનું સૌથી વિશાળ ગુફામંદિર છે.મંદિરમાં વિશાળ શિવલિંગ પણ છે.મંદિરની દિવાલો પર અદ્દ્ભુત કોતરકામ થયેલા છે.ભગવાન શિવની નટરાજ સ્વરૂપ તાંડવ કરતી વેગમાન પ્રતિમા કલાગીરીનો ઉત્કૃષ્ટ નમુનો છે.શિવ-પાર્વતીની પ્રતિમાઓ પણ મનોહર છે.બે મઝલા ઉંચા આ મંદિરની ઉંચાઈ ૯૦ ફીટ છે.જ્યારે લંબાઇ ૨૭૬ ફીટ અને પહોળાઇ ૧૫૪ ફીટ છે.

મંદિરની પરીસર પ્રમાણમાં વિશાળ છે.ત્રણ બાજુ દિવાલ રહેલી છે.વચ્ચે નંદીનું શિલ્પ છે.અને બીજી બાજુ સ્તંભમાંથી બનાવેલ બે હાથીની પ્રતિમાઓ એ વખતની કારગરી શૈલીનું ઉદાહરણ આપી મંત્રમુગ્ધ કરી દેનારી છે.પરિસરને જોડતો ઉપરનો સેતુ હાલ અસ્તિત્વમાં નથી.કહેવાય છે કે,આ મંદિરના નિર્માણ માટે ૪૦ હજાર ટન પથ્થર કોતરીને કાઢવો પડેલો...!

દ્રવિડ સ્થાપત્ય શૈલીના વિરલ નમુનારૂપ આ મંદિરને યુનેસ્કો દ્વારા ઇ.સ.૧૯૮૩માં **હેરિટેજ સાઇટ ઘોષિત કરવામાં** આવેલું.સાડા બારસો વર્ષ પૂર્વેની ભવ્ય

લાલિમાને જાળવતું આ મંદિર ઇલોરાની શાન વધારતું દિગ્ગજની જેમ ઊભું છે...

લાસ મંદિર ઇલોરાનો એતિહાસ

## ઈલોરા ગુફાઓની વિશેષ માહિતી

ઈલોરાના ગુફાસમૂહમાં કુલ ૩૪ ગુફાઓ છે. આ ગુફાઓ રાષ્ટ્રકૂટસામ્રાજ્યના સમયમાં બની હોવાનું મનાય છે. આ ગુફાઓ ચરનાન્દ્રી નામની ખડકાળ ટેકરીની પશ્ચિમ તરફની ઉભી ધાર પર કોતરેલી છે અને તે ઉત્તર-દક્ષિણ ફેલાયેલી છે. ગુફાઓને દક્ષિણથી ઉત્તર તરફ ક્રમમાં જ ૧ થી ૩૪ નંબર આપેલા છે. તેમાં ૧ થી ૧૨ નંબરની ગુફાઓ બૌધ્ધ ગુફાઓ છે, ૧૩ થી ૨૯ નંબરની ગુફાઓ હિંદુ ગુફાઓ અને ૨૯ થી ૩૪ નંબરની જૈન ગુફાઓ છે.

ગુફાઓ આગળ બગીચાઓ, લોન અને વિશાળ પાર્કીંગ બનાવ્યું છે. ગુફાઓના સંકુલમાં દાખલ થયા પછી, વાહન પાર્કીંગમાં મૂકીને, ટીકીટ લઈને એક પછી એક ગુફાઓ જોઈ શકાય છે. ઘણા લોકો પોતાની ગાડી લઈને આવે છે, ઘણા બસમાં આવતા હોય છે. ગુફાઓ ચાલીને જુઓ તો આશરે બે અઢી કી.મી. જેટલું ચાલવાનું થાય, ગુફાઓમાં પણ અંદર ફરો એટલે એ પણ ચાલવું પડે, થાકી જવાય. પણ અહીં રીક્ષાઓ મળે છે. રીક્ષા કરી લઈએ તો બહારનું ચાલવું ના પડે. રીક્ષા કરવી સારી. ઈલોરાની ગુફાઓ મંગળવારે બંધ રહે છે.

હવે, આ ગુફાઓમાં અંદર શું જોવાનું છે, એની વાત કરીએ. ૧ થી ૧૨ નંબરની બૌધ્ધ ગુફાઓ ઈ.સ. ૫૦૦ થી ૭૫૦ના સમયગાળામાં બની છે. મોટા ભાગની બૌધ્ધ ગુફાઓ વિહાર જેવી છે, જે અભ્યાસ, ધ્યાન, સામાજિક વિધિઓ તથા રહેવા, રસોઈ અને સુવા માટે વપરાતી હશે એવું અનુમાન છે.

ગુફા નં. ૧માં અંદર આઠ રૂમો છે. આ રૂમો અનાજ ભરવા માટે વપરાતી હશે, એવું લાગે છે. અહીં સ્થાપત્ય ઓછું છે. ગુફા નં. ૨માં વચ્ચે મોટો હોલ છે. હોલની છત ૧૨ થાંભલા પર ટેકવેલી છે. દિવાલો પર બુધ્ધનાં, બેઠેલી મુદ્રામાં શિલ્પો કંડારેલાં છે. સામે વચ્ચે બુધ્ધ ગાદી પર બિરાજમાન છે. ગુફા નં. ૩ અને ૪, ગુફા ૨ જેવી જ છે, પણ અહીં થોડુંઘણું તૂટી ગયું છે. ગુફા નં. ૫

મહારવાડા ગુફા કહેવાય છે. અહીંનો સભાખંડ ઘણો મોટો છે. સામે બેઠક પર બુધ્ધ બિરાજેલા છે. તેમનો જમણો હાથ જમીન પર ટેકવેલો છે.

ગુફા ૬નાં શિલ્પો બહુ જ સરસ છે. ડાબી બાજુ દેવી તારા છે.જમણી બાજુ મહામયૂરી દેવી છે. આ દેવી હિંદુઓની સરસ્વતી દેવી જેવી છે.તેમની બાજુમાં મયૂર (મોર) છે. અભ્યાસુ વિદ્યાર્થીઓ દેવીના પગ આગળ બેસે છે.

ગુફા નં. ૧૦ બહુ જ જાણીતી છે. તે ચૈત્ય કહેવાય છે. ચૈત્ય એટલે પ્રાર્થના હોલ. હોલની છત લાકડાનાં બીમ જેવી કોતરણીવાળી છે. આથી લોકો તેને 'સુથારની ગુફા', 'સુથારની ઝૂંપડી', 'વિશ્વકર્મા ગુફા' જેવાં નામથી પણ ઓળખે છે. ગુફાને છેડે સ્તૂપ છે. સ્તૂપની આગળ બુધ્ધ, ઉપદેશ આપતી મુદ્રામાં બેઠેલા છે. તે ૫ મીટર ઉંચા છે. બુધ્ધની પાછળ મોટું બોધિવૃક્ષ કોતરેલું છે. આ ગુફાનો દેખાવ અજંતાની ગુફા નં. ૧૯ અને ૨૬ જેવો છે.

ગુફા ૧૧ બે માળની છે, તે 'દો તાલ' કહેવાય છે. ઉપરના માળે લાંબુ સભાગૃહ છે. તેમાં થાંભલાઓ છે. હોલમાં બુધ્ધની મૂર્તિ છે. એમાં દુર્ગા અને ગણેશ પણ છે. પાછળથી હિંદુઓએ આ શિલ્પો ઉમેર્યાં હોય એવું બને. ગુફા નં. ૧૨ને ૩ માળ છે, તેથી તે 'તીન તાલ' કહેવાય છે. નીચેના મંદિરની દિવાલો પર ૫ મોટાં બોધિસત્વ અને ૭ બુધ્ધનાં શિલ્પો છે.

હિંદુ ગુફાઓ ઈ.સ. ૬૦૦ થી ૮૭૦ના અરસામાં બની હોવાનું કહેવાય છે. આ બધી ગુફાઓ ભગવાન શીવને સમર્પિત છે. દિવાલો પર હિંદુ શિલ્પો છે.

ગુફા ૧૪ને 'રાવણ કી ખાઈ' કહે છે.તેના પ્રવેશ આગળ ગંગા અને યમુના નદીઓ કોતરેલી છે. અંદર મોટું ગર્ભગૃહ છે. દિવાલો પર આકર્ષક શિલ્પો છે. ગુફા ૧૫ને દશાવતાર કહે છે. દિવાલો પર વિષ્ણુના અવતારોનાં શિલ્પો છે. વિષ્ણુ ભગવાન નરસિંહના રૂપમાં હિરણ્યકશીપુનો વધ કરે છે, તે શિલ્પ ઘણું જ સરસ છે. શીવજીનું ચિત્ર નટરાજની મુદ્રામાં છે. મંડપની

પાછળની દિવાલે રાજા દંતીદુર્ગાનાં લખાણો છે.

ગુફા નં. ૧૬ બહુ જ અગત્યની છે. આ ગુફા સૌથી મધ્યમાં અને બીજી ગુફાઓ આજુબાજુ બનાવી હોય એવું લાગે. ઈલોરાની ૩૪ ગુફાઓમાં આ ગુફા સૌથી વધુ જાણીતી છે. આ ગુફાને કૈલાસ મંદિર કહે છે. કૈલાસ પર્વત એટલે શંકર-પાર્વતીનું રહેઠાણ. અહીં એક જ મોટા ખડકમાંથી કૈલાસ મંદિર બનાવ્યું છે. તે આપણને કૈલાસ પર્વતની યાદ અપાવે એવું ભવ્ય છે. મંદિર બહુમાળી છે. તે, એથેન્સના પ્રખ્યાત મંદિર પાર્થીનોન કરતાં બમણી જગા રોકે છે. પહેલાં અહીં સફેદ પ્લાસ્ટર કરેલું હતું, ત્યારે તે બરફાચ્છાદિત કૈલાસ પર્વતને ઘણું મળતું આવતું હતું.

મંદિરનું પ્રવેશદ્વાર બે માળનું છે, જે દક્ષિણ ભારતનાં મંદિરોના ગોપુરમ જેવું છે. પ્રવેશ પછી, બે બાજુ ખુલ્લી વિશાળ પરસાળો છે. વચમાં ૩ બાંધકામ છે. પહેલું નંદીમંડપ છે. એમાં નંદી (પોઠિયો)ની મોટી પ્રતિમા છે. નંદીમંડપ ૧૬ થાંભલાઓ પર અને ૩૦ મીટર ઉંચો છે. નંદીમંડપને મુખ્ય મંદિર સાથે જોડતો ખડકનો બ્રીજ છે. એના પછી વચ્ચેના મંડપમાં શીવજીનું લીંગ છે. તેની પાછળ મુખ્ય મંદિર છે. તે દક્ષિણ ભારતીય મંદિર જેવું લાગે છે. મંદિરને થાંભલાઓ, રૂમો, બારીઓ વગેરે છે, અને દિવાલો પર શિલ્પો તો એટલાં બધાં કે ના પૂછો વાત !

ખુલ્લી પરસાળમાં બે ધ્વજસ્તંભ છે. બાજુમાં પૂર્ણ કદના બે હાથીઓ કોતરેલા છે. પરસાળની ધારોએ ત્રણ માળની થાંભલાઓવાળી ગેલેરીઓ છે. ગેલેરીઓમાં દેવીદેવતાઓનાં સ્થાપત્યો છે.

કૈલાસ મંદિર જોતાં એમ જ લાગે કે આપણે એક પૂર્ણ સ્વરૂપના શીવમંદિરમાં આવી ગયા છીએ. પણ આ મંદિર ચણીને બાંધકામ કરીને નથી બનાવ્યું, બલ્કે ખડકને કોતરીને બનાવ્યું છે. કેટલું અઘરું છે આ કામ ! અહીં ૨ લાખ ટન જેટલા વજનનો ખડક કોતરાયો છે, અને મંદિરને પૂરું કરતાં સો વર્ષ લાગ્યાં છે. રાષ્ટ્રકૂટ સ્થાપત્યની આ ભવ્ય સિધ્ધિ છે. માનવજાતે કરેલું આ મહાન કાર્ય છે.

ચાલો, આગળ વધીએ. ગુફા નં. ૨૧ 'રામેશ્વર' તરીકે ઓળખાય છે. અહીં એક ઉંચા ચબૂતરા પર નંદીનાં દર્શન થાય છે. અહીં બે નદી દેવીઓની જોડ, બે દ્વારપાલો તથા યુગલચિત્રો જેવાં સુંદર શિલ્પો છે. ગુફા નં. ૨૨ 'નીલકંઠ'માં પણ ઘણાં સ્થાપત્યો છે. પછી આગળ જતાં રસ્તો નીચે ઉતરે છે. અહીં ચોમાસામાં અનેક ધોધ પડે છે. અહીં વેલગંગા નામની નદી પણ વહે છે. ગુફા નં. ૨૫ 'કુંભારવાડા'માં રથ ચલાવતા સૂર્યદેવનું શિલ્પ છે. ગુફા ૨૭ 'ગોપી લેના' કહેવાય છે.

ગુફા નં. ૨૯ 'ધુમાર લેના' તરીકે ઓળખાય છે. તેનો દેખાવ મુંબઇ પાસેની એલીફન્ટા ગુફા જેવો છે. તેની સીડીઓ પર દ્વારપાલ તરીકે સિંહ બેસાડેલા છે. અંદર દિવાલો પર ઘણાં શિલ્પો કોતરેલાં છે. અહીં શીવ-પાર્વતીના લગ્નનું શિલ્પ છે. બીજા એક શિલ્પમાં રાવણ શંકર-પાર્વતી સહિત કૈલાસ પર્વતને ઉંચકાતો હોય એવું ચિત્ર છે. એક શિલ્પમાં પાર્વતી રમતમાં પાસા નાખવા જાય છે, શીવજી તેમને પીઠ પર હાથથી ટેકો આપે છે.

૩૦ થી ૩૪ નંબરની જૈન ગુફાઓ ઈ.સ. ૮૦૦ થી ૧૦૦૦માં બની છે. આ ગુફાઓ જૈન ધર્મની ફિલોસોફી પ્રમાણેની છે. તેમાં આર્ટ વર્ક ઘણું છે. કેટલીક ગુફામાં છત પર પેઈન્ટીંગ કરેલાં છે. આ ઉપરાંત, આ ગુફાઓમાં સમાવાસરના છે, જેમાં તીર્થંકરો બેસીને ઉપદેશ આપે છે. ગુફા નં. ૩૧ એ ૪ થાંભલાવાળો હોલ છે. જૈન ગુફાઓમાં ગુફા નં. ૩૨ અગત્યની છે. તે 'ઇન્દ્રસભા' તરીકે ઓળખાય છે. તે કૈલાસ મંદિરનું નાનું સ્વરૂપ છે. આ ગુફા ૨ માળની છે. તેની છત પર કમળના ફૂલનું કોતરકામ છે. અહીં યક્ષ અને માતંગનાં શિલ્પો છે. નં. ૩૩ જગન્નાથસભા તરીકે ઓળખાય છે. ગુફા ૩૪ નાની ગુફા છે.

ઈલોરાની ગુફાઓ જોઇને એમ લાગે છે કે ભારતનો કેટલો બધો ઈતિહાસ અને સંસ્કૃતિ અહીં અકબંધ પડ્યાં છે ! જૂના જમાનામાં કેવી ભવ્ય કલા અહીં મોજૂદ હતી ! ઈલોરાનાં સ્થાપત્યો દુનિયામાં અજોડ છે. યુનેસ્કોની વર્લ્ડ હેરીટેજ સાઈટમાં ઈલોરાનો સમાવેશ થયેલો છે. ભારતીય પુરાતત્વ ખાતા હેઠળ આ રક્ષિત સ્મારક છે.

એક વાર આ સ્થાપત્યો જરૂર જોવાં જોઈએ. ઔરંગાબાદથી ઈલોરા તરફ આવતાં વચ્ચે દોલતાબાદનો કિલ્લો અને ચાંદ મિનાર આવે છે, તે જોવા જેવાં છે. વળી, ઈલોરાથી ૧ કી.મી. દૂર ઘુષ્ણેશ્વર જ્યોતિર્લીંગ છે. ભારતનાં બાર જ્યોતિર્લીંગોમાંનું તે એક છે.

સંકલન- અમરકથાઓ

# અમ્મા એની બેસન્ટ



ગાંધી ૧૫૦ આ આખું વરસ આપણે ધામધૂમથી ગાંધીજીને યાદ કર્યા. આ વરસ હવે પૂરું થયું. નવા શરૂ થતા વરસમાં હવે આપણે એમને કેટલા અને કેમ યાદ કરીશું એ વધારે મહત્ત્વનું છે. વીતી ગયેલા વરસમાં ગાંધીની સાથેસાથે જ અને વચ્ચેવચ્ચે સરદારને પણ સંભાર્યા, જવાહરલાલને, રાજાજીને, કૃપલાણીને અને એમ બીજા થોડાક નેતાઓને પણ આપણે ભૂલ્યા નથી એવો સંદેશો આપ્યો. ક્યારેક ભગતસિંહ, સુખદેવ અને રાજ્યગુરુ જેવા સરફરોશીની તમન્નાવાળા તરુણોને પણ હાથ જોડીને માથું નમાવી દીધું. પણ આ બધા વચ્ચે એક એવું નામ ભૂલાઈ ગયું, જે ભૂલવું ન જોઈએ. હકીકતે આ નામ આજે ભાગ્યે જ થોડાક માણસોને સાંભરતું હશે. આમાંથી પણ જેઓ આ નામથી પરિચિત હશે તેમને એમના વિશે સાચી જાણકારી ભાગ્યે જ હશે. મુંબઈના વરલી વિસ્તારમાં 'એની બેસંટ માર્ગ' આ નામનો એક ધોરી માર્ગ છે. આવતાં-જતાં હજારો માણસો રોજ અહીં આ નામનું પાટિયું વાંચતા હશે. ભાગ્યે જ કોઈને આ પાટિયાના અક્ષરોથી આગળ જાણવાની ઉત્સુકતા પણ થઈ હશે! આ એની બેસંટ વિશે આજે થોડીક વાત કરવી છે. ગયા અઠવાડિયે જ ૨૦મી સપ્ટેમ્બરે એમનો નિર્વાણ દિન હતો. આઇરીશ માતા અને સ્કોટીશ પિતાનું એક સંતાન એટલે એની બેસંટ. એની એનું નામ અને બેસંટ એના પતિની અટક. પિતૃ પક્ષે એની અટક વુડ. બ્રિટિશ હકૂમત ત્યારે આઇરીશ લોકો ઉપર અમાનુષી જૂલમ કરતી હતી. એનીએ બાલ્યાવસ્થામાં આ જોયું. લંડનમાં કારમી ગરીબી જોઈ. લંડનમાં નાનાં બાળકોને મજૂરી કરતાં થાકીને બ્રેડનું બટકું ચાવ્યા વિના ગલોફામાં જ રહી જાય, એમ ઢગલો થઈને ઢળી પડતાં જોયાં. માતાએ ઈશુ પ્રત્યે શ્રદ્ધા કેળવીને ઈશ્વરપરસ્ત થવાનું શીખવ્યું પણ એનીના ગળે આ ઈશ્વરપરસ્તી ઊતરી નહિ. જો ઈશ્વર હોય તો આવો અન્યાય, આવો જુલ્મ, આવી પીડા જગતમાં શા માટે હોય એવો પ્રશ્ન એણે પાદરીને પૂછ્યો અને પાદરીએ એને ઈશ્વરનિંદાના અપરાધ માટે પતિથી છૂટાછેડા અપાવી દીધા. એનીનાં બાળકો ખ્રિસ્તી ધર્મમાં જ રહે એ માટે અદાલતે આ બાળકોનો કબજો એનીના પતિને સોંપ્યો. એની એકલાં પડી ગયાં.

આ પછી એની બ્રિટનના સમાજજીવનમાં તથા રાજકારણમાં દાખલ થયાં. કુટુંબ નિયોજન માટે એણે લડત ઉપાડી. આ લડત તત્કાલીન બ્રિટિશ કાયદા હેઠળ અસામાજિક હતી. તત્કાલીન બ્રિટિશ સાંસદ બ્રેડલો સાથે એ જોડાઇ ગયાં અને પોતાની અદ્દભુત વક્તૃત્વકળાથી સામાજિક અને રાજકીય સુધારાનાં સંખ્યાબંધ વ્યાખ્યાનો આપ્યાં. ભેદભરમથી ભરપૂર એવું એક આધ્યાત્મિક દર્શન થિયોસોફીના નામે બ્લેવેટેસ્કી નામની એક રશિયન મહિલાએ આ ગાળામાં પ્રચલિત કર્યું હતું. આ દર્શન એમને તિબેટ, હિમાલય અને હિંદુસ્તાનની ધરતીમાંથી પ્રાપ્ત થયું હતું, એવું બ્લેવેટેસ્કી કહેતા. એની અત્યાર સુધી અનીશ્વરવાદી હતાં. બ્લેવેટેસ્કીના સંપર્કમાં આવ્યા પછી એ ઈશ્વરવાદી બની ગયાં. ૪૭ વરસની ઉંમરે થિયોસોફીના પ્રચાર અર્થે ૧૮૯૩માં હિંદુસ્તાન આવ્યાં અને હિંદુસ્તાનમાં ગોખલે, ટિળક, દાદાભાઇ નવરોજી-આ બધાના પરિચયમાં આવ્યાં. આ બધા એ વખતના નેતાઓ એનીથી અંજાયા. એનીએ કહ્યું, દેશમાં મુસ્લિમ શિક્ષણ સંસ્થાઓ છે, ખ્રિસ્તી મિશનરીઓની શિક્ષણ સંસ્થાઓ પણ છે તો પછી હિંદુ શિક્ષણ જે આ દેશનું પાયાનું શિક્ષણ છે, એની ખાસ શાળા-કૉલેજો કેમ નથી? એણે દરભંગાના મહારાજાની મદદથી વારાણસીમાં હિંદુ શાળા અને કૉલેજની સ્થાપના કરી. આગળ જતાં આ જ કૉલેજ બનારસ હિંદુ યુનિવર્સિટી બની. ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસે સ્વરાજ માટે બ્રિટિશ હકુમત સામે હળવુંહળવું રણશિંગુ ફૂંકવા માંડ્યું હતું. કૉંગ્રેસમાં બે તડા પડી ગયા હતા, ઉગ્રપંથી અને નરમ પંથી! આ બન્ને તડાએ સમાધાન સ્વરૂપે ૧૯૧૬માં એનીને કલકત્તા અધિવેશનના પ્રમુખ બનાવ્યાં. કલકત્તામાં અમ્મા એની બેસંટનું પ્રચંડ સરઘસ નીકળ્યું. અમ્માના નામનો જયજયકાર થયો પણ આ જયજયકાર બહુ લાંબો ન ચાલ્યો. આ ગાળામાં જ ગાંધીજીનો કૉંગ્રેસપ્રવેશ થયો અને અમ્માની આગેકૂચ અટકી ગઈ. આ ગાળામાં એની બેસંટે હિંદુસ્તાનને સ્થાનિક સ્વરાજ મળવું જોઈએ, એવી માંગણી સાથે હોમરૂલ લિગ સંસ્થાની પણ સ્થાપના કરી હતી. આ હોમરૂલ માટે એનીએ બ્રિટિશ સંસદમાં લિબરલ સભ્યોના સહકારથી એક ઠરાવ પણ રજૂ કરાવ્યો. આ ઠરાવ પહેલા વાંચનમાંથી પસાર પણ કરાવ્યો. પણ ગાંધીજી સાથે એની બેસંટને જામ્યું નહિ. ગાંધીજીએ અસહકાર અને સવિનય કાનૂનભંગ જેવી લડતનાં મંડાણ કર્યાં. આ લડતમાં પ્રજાએ શેરીમાં ઊતરી આવીને સરકાર ટોળાબંધ વિરુદ્ધ લડત કરવાની હતી. એનીએ આનો વિરોધ કર્યો. શિસ્તવિહોણાં ટોળાંને શેરીમાં ઊતારીને લડત કરવાની ટેવ પડવા દેવાય નહિ. કેમ કે એનાથી હિંસા ફેલાય અને સ્વરાજપ્રાપ્તિ પછી આ રીતે લડવાની ટેવ પડાયેલાં ટોળાં સાથે શાસન કરવું આઝાદ સરકારને ભારે પડી જાય. (એનીના આ મત સાથે તત્કાલીન નેતાગીરીમાં સુરેન્દ્રનાથ બેનરજી, મહમદ અલી ઝીણા જેવા અન્યો પણ સહમત હતા.) ગાંધીજીના નેતૃત્વ હેઠળ અસહકાર અને સવિનય કાનૂનભંગની લડત શરૂ થઈ અને એનો સંકેલો પણ થઈ ગયો. એની બેસંટની કૉંગ્રેસમાંથી અપમાનજનક રીતે હકાલપટ્ટી પણ થઈ ગઈ. જે. કૃષ્ણમૂર્તિનું નામ સાંભળ્યું ન હોય એવું ભાગ્યે જ કોઇ હશે. આ કૃષ્ણમૂર્તિ અડિયારના સમુદ્રતટે કંગાળ હાલતમાં ફરતા હતા, ત્યાંથી એને

એનીએ પોતાના સંતાન તરીકે ઉપાડ્યા અને એને જે. કૃષ્ણમૂર્તિ બનાવ્યા! આ બાળકને શાળામાંથી ઠોઠ વિદ્યાર્થી તરીકે હાંકી કાઢવામાં આવ્યો હતો ત્યારે એ સમુદ્રતટે રખડીભટકીને સમય પસાર કરતો હતો. લેડ બીટર નામના એનીના એક સાથીદાર ચહેરા ઉપરથી જન્મજન્માંતરો ઉકેલી શકવાની શક્તિ ધરાવતા હતા. એમણે આ બાળકને જોયો અને એના ચહેરા ઉપર લખાયેલા ભવિષ્યને એણે ઉકેલી કાઢ્યું. આ ઉકેલને નક્કર રૂપ આપ્યું એની બેસંટે, અને આમ જગતને જે. કૃષ્ણમૂર્તિ નામના દાર્શનિક મળ્યા. હિંદુસ્તાન માટે એનીએ જે હોમરૂલ ચળવળ ચલાવી હતી, એનાથી નારાજ બ્રિટિશ સરકારે એનીની ધરપકડ કરીને એને ઇંગ્લૅન્ડ મોકલી દેવા મદ્રાસના ગવર્નર લૉર્ડ પેન્ટલૅન્ડને આદેશ આપ્યો. પેન્ટલૅન્ડે એનીને ધમકી આપી – “તું તારી જાતે જ લંડન જતી રહે, સરકાર તને ત્યાં પહોંચાડવાની જવાબદારી લેશે. જો તું એમ નહિ કરે તો તને પકડીને જેલમાં નાખી દેવામાં આવશે.” એનીએ વાતચીત પૂરી થઇ છે, એના સંકેત તરીકે ઊભા થઈ જતાં કહ્યું – “તો પછી નામદાર! આપણે સમય બગાડી રહ્યાં છીએ. બ્રિટિશ સામ્રાજ્યના કફન ઉપર આપ ખીલો ઠોકવા જ માંગતા હોવ તો ઠોકી શકો છો.” એની બેસંટ ૨૦ સપ્ટેમ્બર, ૧૯૩૩ના રોજ, ૮૫ વર્ષની ઉંમરે મદ્રાસ પાસે અડિયાર ગામે થિયોસોફિકલ સોસાયટીના વડા મથકે અવસાન પામ્યાં. એમના અસ્થિ ગંગા નદીમાં પધરાવવામાં આવ્યા હતા. આઇરીશ મૂળના બ્રિટિશ નાગરિક એની બેસંટ હિંદુસ્તાનને પોતાની દત્તક માતૃભૂમિ કહેતાં. હિંદુસ્તાનના સ્વાતંત્ર્ય સંગ્રામમાં એમણે જે ફાળો આપ્યો છે, એ ભૂલવા જેવો નથી. એની બેસંટે હજારો સભાઓને સંબોધી હતી. સંખ્યાબંધ પુસ્તકો લખીને લોકજાગૃતિ માટે અથાક પરિશ્રમ કર્યો હતો. વિશ્વને આધ્યાત્મિક માર્ગદર્શન હિંદુસ્તાન પાસેથી જ મળી શકશે એવી પૂરી શ્રદ્ધા સાથે થિયોસોફિકલ સોસાયટીના પ્રમુખ તરીકે વર્ષો સુધી સેવા આપી હતી.

બાય ધ વે, મૅડમ એની બેસંટની વાત કરીએ અને મુંબઈના દ્વારકાદાસ પરિવારને સંભારીએ નહિ તો વાત અધૂરી કહેવાય! ગયા સૈકાના આ અગ્રણી પરિવારના બે પુત્ર જમનાદાસ અને કાનજી એની બેસંટની ખૂબ નજીક રહીને રાજકીય ચળવળમાં હિસ્સેદાર થયા હતા. એનીએ આ બંન્નેને પોતાના પુત્રો જેવા માનીને સંખ્યાબંધ પત્રો લખ્યા છે. આવા પત્રોનો એક જથ્થો અમેરિકાની પેન્સિલ્વેનિયા યુનિવર્સિટીના ગ્રંથાલયમાં સચવાયેલો છે.

**ડૉ. દિનકર જોષી-**



# 93મું વાર્ષિક થિયોસોફિકલ અધિવેશન

## તા . 24, 25, અને 26 નવેમ્બર- 2023 ( શુક્રવાર થી રવિવાર )

## પ્રબંધકીય સમિતિ

1. શ્રી કાંતિભાઈ કે. પટેલ પ્રમુખશ્રી હરજીવન આશ્રમ થિયોસોફિકલ સોસાયટી, કડોલી - 9429762933
2. શ્રી વિજયભાઈ એલ. પંડ્યા, ઉપપ્રમુખ અને કન્વીનર – 9825023046
3. શ્રી નરેન્દ્રભાઈ બી. પટેલ, ઉપપ્રમુખ અને સહકન્વીનર - 9879353795
4. શ્રી શંકરભાઇ એચ. પટેલ વરિષ્ઠ સભ્ય અને સહકન્વીનર - 9427880704
5. શ્રી નરેન્દ્રભાઈ ડી. પટેલ, મંત્રી, કાર્યવાહક સભ્ય - 9427368493
6. શ્રી કૈલાસબા રાઠોડ, ઓડિટર અને કાર્યવાહક સભ્ય - 9909591911
7. શ્રી નટવરલાલ એમ પટેલ, સભ્યશ્રી અને કાર્યવાહક સભ્ય – 95376 91304
8. શ્રી જયેશભાઈ આર. પંડ્યા, સભ્ય, કાર્યવાહક સભ્ય – 9427562522
9. શ્રી કિરીટભાઇ આર. પંડ્યા, સભ્ય, કાર્યવાહક સભ્ય - 9586873731
10. શ્રી કીર્તિસિંહ આર.ઝાલા, સભ્ય, કાર્યવાહક સભ્ય - 6352138499
11. શ્રી ભુપેન્દ્રસિંહ ટી. ઝાલા, સભ્ય, કાર્યવાહક સભ્ય - 9426946373

## પરામર્શક :

1. શ્રી કાંતિભાઈ કે. પટેલ પ્રમુખશ્રી, હરજીવન આશ્રમ થિયોસોફિકલ સોસાયટી, કડોલી - 9429762933
2. શ્રી સી.કે. સોની, મહામંત્રી, ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન, ભાવનગર - 9825590543

## સ્વાગત અને પંજીકરણ :

1. શ્રી શંકરભાઇ એચ. પટેલ વરિષ્ઠ સભ્ય અને સહકન્વીનર - 9427880704
2. શ્રી બૃજેશભાઇ એસ. પટેલ - 9426264595
3. શ્રી જિગર પંડ્યા - 9737115558
4. શ્રી રાજદીપ રાઠોડ – 8849719350 / 8980346308
5. શ્રી નરેન્દ્રભાઈ ડી. પટેલ - - 9427368493
6. શ્રી નયનાબેન એચ. પંડ્યા - 9426047600
7. શ્રી મુકેશ આર. પંડ્યા - 9727750580
8. શ્રી ઉલ્લાસભાઇ એમ. પંડ્યા - 9727672899
9. શ્રી પુનિતાબેન વ્યાસ - 8469234669
10. શ્રી વિરલ રાવલ – 9978536106/ 0106820654
11. શ્રી ધ્રુમનબેન જોશી – 7567737964/ 9624237964

## ભોજન સમિતિ :

1. શ્રી વિજયભાઈ એલ. પંડ્યા, ઉપપ્રમુખ અને કન્વીનર - 9825023046
2. શ્રી શંકરભાઇ એચ. પટેલ 9427880704
3. શ્રી નરેન્દ્રભાઈ ડી. પટેલ, મંત્રી, - 9427368493
4. શ્રી પ્રકાશભાઈ એન. પટેલ, - 9428482411
5. શ્રી જયેશભાઈ આર. પંડ્યા, - 9427562522
6. શ્રી ભુપેન્દ્રસિંહ ટી. ઝાલા, - 9426946373
7. શ્રી ઉમેશભાઇ ડી પંડ્યા - 9833890045
8. શ્રી ઝાલા સુરેન્દ્રસિંહ કે. - 9723842688
9. શ્રી ઝાલા વિરેન્દ્રસિંહ - 9428282771
10. શ્રી વ્યાસ કલાપી પી. - 9898022121
11. શ્રી પંડ્યા બંસરીબેન – 9820527717/ 7021439579
12. શ્રી પંડ્યા નયનાબેન - 9426047600
13. શ્રી પંડ્યા ચેતનાબેન - 9825314031
14. શ્રી પંડ્યા મીનાબેન - 8238877308
15. શ્રી પંડ્યા આરતીબેન - 8200214556
16. શ્રી ધૂળાજી સેલોટ – 6354163825

## આવાસીય સમિતિ

1. શ્રી કાંતિભાઈ કે. પટેલ પ્રમુખશ્રી - 9429762933

2 શ્રી વિજયભાઈ એલ. પંડ્યા, ઉપપ્રમુખ અને કન્વીનર - 9825023046
3 શ્રી નરેન્દ્રભાઈ બી. પટેલ, ઉપપ્રમુખ અને સહકન્વીનર -
4 શ્રી શંકરભાઇ એચ. પટેલ - 9427880704
5 શ્રી નરેન્દ્રભાઈ ડી. પટેલ, - 9427368493
6 શ્રી જનકભાઇ બી. રાવલ - 9727739430
7 શ્રી શ્રી કીર્તિસિંહ આર.ઝાલા -6352138499
8 શ્રી પ્રકાશભાઈ એન. પટેલ, - 9428482411
9 શ્રી નીલ વિજયભાઇ પંડ્યા – 7874890321/ 7984301527
10 શ્રી સોમાભાઇ રાઠોડ - 9023379982
11 શ્રી પ્રકાશભાઈ મોઢપટેલ - 9426070966
12 શ્રી ઝાલા અશ્વિનસિંહ - 9909317852
13 શ્રી ઝાલા હરપાલસિંહ - 7046407172
14 શ્રી ઝાલા મયૂરસિંહ - 9327449155
15 શ્રી ઝાલા તનવીરસિંહ - 7046946287
16 શ્રી ભિખાજી સેલોટ - 9081934856
17 શ્રી જયેશભાઇ પંડ્યા - 9427562522

## મેડિકલ વ્યવસ્થા

1 શ્રી વિજયભાઈ એલ. પંડ્યા, ઉપપ્રમુખ અને કન્વીનર - 9825023046
2 શ્રી પ્રશાંતભાઈ વ્યાસ - 9825896094
3 શ્રી પ્રીતિબેન વ્યાસ - 9825841867

## પરિવહન સમિતિ

1 શ્રી નરેન્દ્રભાઈ બી. પટેલ, ઉપપ્રમુખ અને સહકન્વીનર - 9879353795
2 શ્રી શંકરભાઇ એચ. પટેલ - 9427880704
3 શ્રી નરેન્દ્રભાઈ ડી. પટેલ, - 9427368493

## મંડપ વ્યવસ્થા

1 શ્રી નરેન્દ્રભાઈ બી. પટેલ, ઉપપ્રમુખ અને સહકન્વીનર - 9879353795
2 શ્રી દીપકભાઈ આર. પંડ્યા - 9427221220
3 શ્રી નરેન્દ્રભાઈ ડી. પટેલ, - 9427368493
4 શ્રી સુરેન્દ્રસિંહ કે. ઝાલા - 9723842688
5 શ્રી હરપાલસિંહ ઝાલા - 7046407172
6 શ્રી રાહુલ પી. પટેલ 9023714077

## કાર્યક્રમ સમિતિ

1 શ્રી દીપક પંડ્યા - 9427221220
2 શ્રી કૈલાસબા રાઠોડ – 9909591911
3 શ્રી નયનાબેન પંડ્યા - 9426047600
4 શ્રી નરેન્દ્રભાઈ ડી. પટેલ - 9427368493
5 શ્રી ઉમેશભાઇ ડી. પંડ્યા - 9833890045
6 શ્રી રક્ષાબેન પંડ્યા – 9833375741

## ઇલેક્ટ્રીક / માઇક સુવિધા :

1 શ્રી કિરીટભાઇ આર. પંડ્યા - 9586873731
2 શ્રી ભરતભાઇ પટેલ - 9879835020
3 શ્રી વાયરમેન - 9909936651
4 શ્રી હેમુભાઈ ગોહિલ – 8347592488

## કાર્યક્રમ સંચાલન :

1 ડો. વસંતભાઇ પંચાલ - 9429301435
2 શ્રી દીપકભાઈ પંડ્યા - 9427221220

## સ્મૃતિ ચિન્હ/ કીટ ખરીદ સમિતિ :

1 શ્રી વિજયભાઈ એલ. પંડ્યા, ઉપપ્રમુખ અને કન્વીનર - 9825023046
2 શ્રી નરેન્દ્રભાઈ બી. પટેલ, ઉપપ્રમુખ અને સહકન્વીનર - 9879353795 -
3 શ્રી કૈલાસબા રાઠોડ - 9909591911
4 શ્રી નરેન્દ્રભાઈ ડી. પટેલ - 9427368493
5 શ્રી નટવરલાલ મોઢપટેલ - 9537691304
6 શ્રી નયનાબેન પંડ્યા - 9426047600


## સફાઈ – સ્વચ્છતા સમિતિ

1 શ્રી નરેન્દ્રભાઈ બી. પટેલ, ઉપપ્રમુખ અને સહકન્વીનર - 9879353795
2 દીપકભાઈ મીર - 9737316511
3 ધૂળાજી સેલોત અને પાંચ મજૂર - 6354163825

## સોવિનિયર સમિતિ

1 શ્રી વિજયભાઈ એલ. પંડ્યા, ઉપપ્રમુખ અને કન્વીનર - 9825023046
2 શ્રી દીપક પંડ્યા - 9427221220
3 શ્રી રાજદીપ રાઠોડ - 8849719350 / 8980346308
4 શ્રી પ્રશાંત વ્યાસ - 9825896094
5 શ્રીમતી પ્રીતિબેન વ્યાસ - 9825841867

6 પ્રોફ. વિરલ રાવલ - 9978536106/ 0106820654
7 શ્રી વસંતભાઇ નાયક – 8320477245/9998879602
8 શ્રી નીલ વી. પંડ્યા - 7874890321/ 7984301527



Invitation

93rd Annual Adhiveshan gathering of the Gujarat Theosophical federation,
Hosted by the
Harjeevan Ashram Lodge, Kadoli

Dear Brother /Sister...

With all our pleasrure of Divinity we are inviting you to attend the 93rd Annual Adhiveshan, scheduled on 24th to 26th November 2023 at the Harjeevan Ashram Lodge, Kadoli, a small village near Himmatnagar in Sabarkantha district of Gujarat. Your participation will be of great importance to us.

The Theme of the Adhiveshan is : Brahmavidya ni Suvas, Har Jeevan MA Vyapt ( Essence of Theosophy, Latent in Every Being).

**Chief Guest**
**Ms Sonal Murli**
The Director, Adyar Theosophical Academy
and The National lecturer of The T. S. Varanasi

**The Guest of Honour**
**Dr. Ambadan Rohadiaji**
International Lecturer
Charni And Gujarati Folk Literature.

You are all heartily invited.

Sincerely Yours

Harshavadan sheth,
President,
Gujarat Theosophical Federation
Bhavnagar

C.K. Soni
General Secretary
Gujarat Theosophical Federation
Bhavnagar

Kantibhai K. Patel
President
Harjivan Ashram T.S.
Kadoli

Vijaybhai L. Pandya
Vice-President & co-ordinator
Harjivan Ashram T.S.
Kadoli

